Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૨૨ • તા. ૩૦ મે થી ૫ જુન ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

જય જય શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી

**શ્રી વરાડીયા તીર્થે ભોજનશાળાને રૂા. ૫૦,૦૦,૦૦૦/- (પચાસ લાખ)ના માતબર દાન માટે માતુશ્રી માંકબાઈ લધાભાઈ મણશી મોમાયાના સુપુત્રો સ્વ. શ્રી થોભણભાઈ, સ્વ. શ્રી શાંતીલાલભાઈ, શ્રી અમૃતભાઈ તથા શ્રી જયંતીલાલભાઈ સપરિવારની ભૂરી ભૂરી અનુમોદના.**



માતુશ્રી માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા



શ્રી અમૃતલાલભાઈ તથા શ્રી જયંતીલાલભાઈ શ્રી વરાડીયા દેરાસરજીના ટ્રસ્ટીઓ તથા ભોજનશાળા સમિતિના સભ્યો સાથે.

૧૧૨ વર્ષ પ્રાચીન વરાડીયા તીર્થમાં વર્ષો પહેલા પોતાના માતુશ્રી માંકબાઈ મા ની પુણ્ય સ્મૃતિમાં સુપુત્ર શ્રી અમૃતલાલભાઈએ અદ્યતન ભોજનશાળા બંધાવીને શ્રી વરાડીયા જ્ઞાતિ મહાજનને અર્પણ કરેલ. હવે આ ભોજનશાળા કાયમી ધોરણે સુચારૂ રૂપથી ચાલુ રહે એવી ઉમદા ભાવનાથી માતુશ્રી માંકબાઈમાના ચાર સુપુત્રો સ્વ. શ્રી થોભણભાઈ, સ્વ. શ્રી શાંતીલાલભાઈ, શ્રી અમૃતભાઈ તથા શ્રી જયંતીલાલભાઈ તથા તેમના પરિવારજનોએ શ્રી વરાડીયા દેરાસરજી ટ્રસ્ટને રૂા. ૫૦,૦૦,૦૦૦/- (પચાસ લાખ)નું માતબર દાન આપેલ છે તથા ભોજનશાળાને ઉપયોગી જરૂરી વસ્તુઓ જેમકે ફ્રીઝ, વાસણો, ખુરશી, ટેબલ વગેરે નવા વસાવી આપેલ છે. તે માટે આ સમગ્ર પરિવારજનોની ભૂરી ભૂરી અનુમોદના અને પૂ. માંકબાઈમાની પુણ્ય સ્મૃતિને ભાવભરી ભાવાંજલિ.

નિયુક્ત કરાયેલી ભોજનશાળા સમિતિના અથાગ પ્રયાસથી ઓક્ટોબર ૨૦૧૪થી વરાડીયામાં કાયમી ધોરણે ભોજનશાળા ચાલુ છે. સ્થાનિક તથા બહારગામથી પધારનાર ગામવાસીઓ, યાત્રિકો એવમ ગુરૂ ભગવંતો અનુકુળતા પ્રમાણે લાભ લે છે.

**કચ્છની યાત્રાએ પધારતા ભાવિકોને વરાડીયા તીર્થના દર્શનનો તથા ભોજનશાળા એવમ અતિથિગૃહનો લાભ લેવા વિનંતી છે.**

સંપર્ક : વરાડીયા -02831 282038, 94285 67101, 9925984425 મુંબઈ - 93222 24815, 98207 43993, 97691 11040

લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, વરાડીયા

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ ના બહુમાન પૂર્વક જય જિનેન્દ્ર

# પૂજ્ય બાઈ-અધાને સુખમય ૭૦ વર્ષની લગ્ન જીવનની

# સફળ યાત્રાના હાર્દિક વધામણા

70th Wedding Anniversary



લાખણીયા **પૂ. મા. રાજબાઈ અને શ્રી લક્ષ્મીચંદભાઈ ધારશી દેવજી મોતા** વડાલા (મુંબઈ)

**દાંપત્ય જીવનની શુભ શરૂઆત...**
**તા. ૦૪-૦૬-૧૯૪૫**

**હે ઉદારદિલ, પરમ ઉપકારી, પરમાર્થી, આદરણીય માતા પિતા !**

**।। આપશ્રી એટલે ધર્મ-કર્મ-દાન-પારિવારિક યોગનો દૃષ્ટાંતરૂપ અનેરો સમન્વય।।**

આપ બન્ને એકમેકની સૂઝસમજ, સહિષ્ણુતા, સમર્પિતતા, સૌમ્યતા, સહજતા, સરળતા, તરલતા, પરોપકારીતા, કાર્યક્ષમતા, વ્યવહારિક દક્ષતા, પારિવારિક ભાવના, સાધર્મિક ભક્તિ, પ્રેમ, જીવદયા, અનુકંપા જેવા અનન્ય સદ્‌ગુણોસહ પ્રારબ્ધ અને પુરૂષાર્થના સથવારે સુખી લગ્ન જીવનના ૭૦-૭૦ વર્ષ પૂર્ણ કરી ૭૧માં વર્ષમાં પ્રવેશ કરી **હીરક જયંતી (Diamond Jubilee)** વર્ષ તરફ પ્રયાણ કરી રહ્યા છો ત્યારે આપ 'યુગલ'ને અમારી શત્ શત્ વંદના સહ અંતરની અટારિયેથી વધાઈઓ... આપ તંદુરસ્તીમય સુખરૂપ જીવન જીવો અને જિનશાસનના કરેલા અનેકાનેક સુકૃતોનો ગુણાકાર કરતા રહો એજ અભિલાષા સહ...

## શુભાશિષ

**સ્વ. પૂ. મા. જેઠીબાઈ અને પિતાશ્રી ધારશી દેવજી મોતા (લાખણીયા)**

**હાર્દિક વધામણા દેતો આપનો મહેકતો પરિવાર**

**દક્ષા ધિરેન લક્ષ્મીચંદ મોતા ❖ ચિ. લીપીસા, એનિષા, યશ**

**દીકરી - જમાઈ**

**સૌ. દમયંતી - પુષ્કર દામજી મોમાયા (સુથરી) • સૌ. ગીતા - સુરેન્દ્ર બંકીમચંદ્ર લોડાયા (રવા)**
**સૌ. સરલા - પ્રફુલ પદમશી લાલકા (વારાપધર) • સૌ. દક્ષા - હર્ષદ લક્ષ્મીદાસ દાવડા (જડોદર કોટડા)**

**દોહિત્ર - દોહિત્ર વધુ**

**સૌ. વર્ષા - રશ્કિન પુષ્કર મોમાયા (મુલુંડ)**     **સૌ. માનસી - દીગંત સુરેન્દ્ર લોડાયા (સાયન)**
**સૌ. હીરલ - મિહીર પ્રફુલ્લ લાલકા (મુલુંડ)**     **સૌ. પૂર્ણા - અદીત હર્ષદ દાવડા (સાયન)**

**દોહિત્રી - દોહિત્રી જમાઈ**

**સૌ. જસ્મિન - કુણાલ વિરેન્દ્ર ગોસર**     **સૌ. હીરલ - સચીન પ્રેમજી દેઢિયા**
**સૌ. જીનલ - પ્રશીન પરાગ જોબલિયા**     **સૌ. આકૃતિ - જીગર ભવાનજી લોડાયા**

**પર દોહિત્ર - દોહિત્રીઓ**

**ચિ. નીવ • તનુષ્કા • હૃદય • કીશ • સમ્યક**

UPASANA - 9820167767

**''મમતાનો મહેરામણ'' એવા આદરણીય યુગલ પૂ. મા. રાજબાઈ તેમજ પૂ. શ્રી લક્ષ્મીચંદ ધારશી દેવજી મોતા (લાખણિયા)ના સાતત્યપૂર્ણ દાંપત્ય જીવનની સપ્તમીપૂર્તિએ ખોબલે ખોબલે અભિનંદન...**

માનનીય યુગલ પૂ.મા. રાજબાઈ અને પૂ. શ્રી લક્ષ્મીચંદભાઈ એટલે સ્નેહનો સરવાળો, સદ્‌ગુણોનો ગુણાકાર, સાદગી અને સમૃધ્ધિનો સમન્વય. મુંબઈમાં શરૂઆતમાં કપરા સંજોગો અને કઠીનાઈઓ વચ્ચે દાંપત્ય જીવનની શરૂઆત કરનાર મા. રાજબાઈએ સ્ત્રી સહજ ગુણોએ ઘરગૃહસ્થી સંભાળતાં સંભાળતા સંતાનોમાં સુસંસ્કારોનું સિંચન કર્યું. સાથે પૂ. લક્ષ્મીચંદભાઈને ધંધાકીય, સામાજીક તથા ધાર્મિક ક્ષેત્રે પડખે ઊભા રહી, પ્રેરણાશ્રોત બની પીઠબળ પૂરૂં પાડયું. સંસારરથના બે ચક્રનો સમન્વય એટલે જ સુખી, સંસ્કારી, સંતોષમય, પ્રગતિશીલ. આધ્યાત્મિક... લગ્નજીવન !!!

આજે LD શેઠ કે LD બાપાના હુલામણા નામે પ્રખ્યાત એવા શ્રીયુત શેઠશ્રી લક્ષ્મીચંદભાઈએ પ્રચંડ પુરૂષાર્થ થકી 'શૂન્યમાંથી સર્જન' કર્યું. સને ૧૯૫૫માં મે. લક્ષ્મીચંદ ધારશી અને મે. મોતા શીપીંગ એજન્સીના નામે કારોબાર શરૂ કરી ઉત્તરોતર પ્રગતિ કરતા ગયા. મુંબઈની ગોદીમાં એક સાથે ૧૦-૧૦ મસમોટા વિશાળકાય જહાજોના માલની હેરફેર કરતી આ કું. પાસે દુનિયાની નામાંકિત શીપીંગ લાઈન્સનું કામકાજ છે. APL જેવી વિશ્વવિખ્યાત શિપીંગ લાઈન સાથે તો તેઓ છેલ્લા ૬-૬ દાયકાથી જોડાયેલા છે. JNPT માં વિશાળ એરિયામાં "LD Container Yard" સતત ૨૪-૨૪ કલાક કામકાજથી ધમધમતું રહે છે.

એમના સુપુત્ર સ્વ. શ્રી ધીરેનની સખત મહેનતે હેવી કેપેસીટીની ક્રેનોનો વિશાળ કાફલો ગુજરાત, મહારાષ્ટ્રમાં પવનચક્કી (Wind Mill) ઓને ઊભી કરવાના કામકાજમાં તેમજ કંટેનરો તથા મશીનરીના કામકાજમાં વ્યસ્ત છે. કચ્છમાં અદાણી પોર્ટ (મુંદ્રા)માં LD ના વાહનો, કંટેનર ટ્રેલર સતત દોડ્યા કરે છે. આટલી ધંધાકીય વ્યસ્તતા વચ્ચે પણ ધાર્મિક અને

અનુસંધાન પાના નં ૬

**પૂર્વના પુણ્યબળે સાર્થક પુરક લગ્ન જીવનના સાત દાયકા, આપ સહજીવનનો આદર્શ,**
**માત્ર પરિવાર - સ્વજન જ નહીં સમસ્ત જ્ઞાતિને હૈયે ઉજવણીનો હર્ષ !**

- પ્રકાશ સમીક્ષા સમિતિ




## "રાજ" ધર્મ-સત્કર્મનું સદૈવ રહેજો,
## "લક્ષ્મી"ની કૃપા સદા વરસતી રહેજો.

પંચગીની મધ્યે સુંદર, ભવ્ય **"રાજલક્ષ્મી આરોગ્યધામ"** ના નિર્માતા, શ્રી સમેતશિખરજી મહાતીર્થની સળંગ ૨૫થી ય વધુ યાત્રા કરનારા / કરાવનારા, તીર્થે "કચ્છી ભુવન"માં દેરાસરજીની સળંગ ૨૫થી ય વધુ ધ્વજારોહણના લાભાર્થી, ઉત્કૃષ્ટ સુકૃતો કરનારા એવા પૂણ્યશાળી દંપતી - મા. રાજબાઈ અને વડીલ પૂ. શ્રી લક્ષ્મીચંદભાઈ ને સફળ લગ્ન જીવનના ૭-૭ દાયકાની મંગલમય યાત્રાએ અંતરની અટારિયેથી હાર્દિક વધામણાં.....

70th Wedding Anniversary

આપ "યુગ્મ" એટલે... વાત્સલ્યના વારિધી, વ્હાલપનો વડલો, સાદગી-સમજદારી-સરળતા-સૌમ્યતાનું જંક્શન, પારિવારીક પ્રેમની પરબ, સમર્પણની સુગંધ, મમતાનો સાગર, ધર્મનિષ્ઠ, કર્મનિષ્ઠ, સૌજન્યશીલ, વ્યવહારદક્ષ, પરહિતકારી, પરોપકારી એવા ધીર ગંભીર પીઢ ગૌરવવંતા દંપતી...

**આપશ્રી !! દાંપત્ય જીવનના ૭૦ પૂર્ણ કરી ૭૧મા વર્ષમાં પ્રવેશતાં "હીરક જયંતી" વર્ષ તરફ પ્રસ્થાન કરી રહ્યા છો ત્યારે... સ્વીકારજો અમારી ભૂરી ભૂરી અનુમોદના સહ... હાર્દિક શુભેચ્છા....** પ્રભુ આપને નિરામય દીર્ઘાયુ બક્ષો, સમાજ ને શાસનના અનેક સુકૃતો આપના કરકમળો દ્વારા થતા રહે એજ અભ્યર્થના.

**શુભેચ્છક**

મા. રતનબાઈ વિસનજી ખીંયશી વિકમશી પરિવાર (કોઠારા)
મા. લક્ષ્મીબાઈ વેલજી વેરશી લોડાયા પરિવાર (આરિખાણા)
મા. ખેતબાઈ ચાંપશી ભવાનજી ધરમશી પરિવાર (કોઠારા)
મા. નવલબાઈ ને શ્રી ખેતશી મેઘજી ધરમશી પરિવાર (તેરા)
મા. ભચીબાઈ મેઘજી પુનશી લોડાયા પરિવાર (સુજાપુર)

UPASANA - 98201 67767

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 22/2015**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# ક.દ.ઓ. ટ્રાન્સપોર્ટવાળા ઓનલાઈન કામકાજ માટે સજ્જ થાય

**તિલકભાઈ લોડાયા – મો.: 09940636646, ourbrotherhood@yahoo.co.in**

ઈકોનોમિક ટાઈમ્સના થોડા સમય પહેલાંના લેખમાં ટ્રાન્સપોર્ટનો ધંધો ઓનલાઈન થઈ, કેવું નવું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે, તે અંગે રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.

તે લેખનો સાર એવો જ કે આપણા ટ્રાન્સપોર્ટનો ધંધો કરનારાઓએ ઓનલેઈન સેવા આપનારાઓની સાથે સંકળાઈને સ્પર્ધા ક્ષમતા વધારવી પડશે અને કમીશનના ધોરણે ટ્રક અપાવનારા કમીશન એજન્ટોએ વહેલી તકે વિકલ્પ શોધી લેવો જોઈએ. જરા વિસ્તારથી વાત :

કચ્છી દશા ઓશવાલ સમુદાયના ઘણા લોકો દાયકાઓથી ટ્રાન્સપોર્ટના ધંધામાં રોકાયેલા છે. ઐતિહાસિક રીતે જ્યારે કોટનના ધંધાના વળતા પાણી થયા ત્યારે ઘણા ક.દ.ઓ. જ્ઞાતિજનો માલિક અથવા કર્મચારી તરીકે ટ્રાન્સપોર્ટના ધંધા સાથે સંકળાયા. ઘણાઓ કમીશનના ધોરણે ટ્રક અપાવવાનું કમીશન એજન્ટનું કામ કરવા લાગ્યા. કેટલાક ટ્રકોના માલિક હોવા છતાં તે સાથે કમીશન એજન્ટ તરીકે પણ કામ કરવા લાગ્યા. આ ધંધામાં માલિક કે કમીશન એજન્ટ તરીકે જોડાનારાઓએ સારી કમાઈ કરી. તેમણે સમુદાય માટે પણ મોટા પ્રમાણમાં નાણા પૂરા પાડી પ્રશંસનીય કામ કર્યુ. તેમણે ઓછા કૌશલ્યવાળા જ્ઞાતિજનોને પણ રોજગારીની તકો આપી.

જોકે, હવે બીજા ઘણા ધંધાઓમાં થયું છે તેમ ટ્રાન્સપોર્ટના ધંધામાં પણ ઈન્ફરમેશન ટેક્નોલોજીએ પ્રવેશ કર્યો છે અને ટ્રાન્સપોર્ટના ધંધાની જૂની ઢબને પડકારી રહી છે. જો આપણા જ્ઞાતિજનો ટ્રાન્સપોર્ટનો ધંધો કરવાની નવી અને સુધારેલી રીત નહીં અપનાવે તો તેમાંથી ઘણાના કામકાજ અસ્થિર થઈ જશે.

સપ્ટેમ્બર ૨૦૧૪માં ટ્રક સુવિધા નામે ટ્રક ટ્રાન્સપોર્ટરો માટે પ્રથમ ઓનલાઈન બજાર મંચ ઊભો કરતી કંપની કામ કરતી થઈ. તે જે વાહનોમાં તેની ભાળ મળી શકે તેવું યંત્ર બેસાડેલું હોય તેવી જ ટ્રકોને પોતાના બજાર મંચનો લાભ લેવા દેતી હતી. થોડા જ વખતમાં દર વર્ષે રૂા.૪૫૦૦૦ ભરીને ૨૩૦૦૦ જેટલી ટ્રકો આ ઓનલાઈન બજાર મંચને લાભ લેવા લાગી.

ટ્રાન્સપોર્ટરોને લાંબા રસ્તા (રૂટ) માટે ઘણી વખત પાછા આવતી વખતે ભાડું ન મળવાની શક્યતા હેરાન કરતી હતી. એને કારણે કાં તે એક તરફનો ખર્ચ માથે પડે તે વાત સ્વીકારી લેવી પડતી કે ઊંચા ભાવ માંગવા પડતા. આ વિશાળ કામને આવરી લેતી સુવિધાથી શક્ય હોય ત્યાં સુધી પાછા આવવાનું ભાડું મેળવી અપાવવાનો પ્રયત્ન થતો. જેમ ટ્રાન્સપોર્ટર માટે પાછા આવવાનું ભાડું મળવા લાગે તેમ ભાડાના દર ઘણા સ્પર્ધાત્મક બની જાય. આનાથી ટ્રાન્સપોર્ટનો ધંધો વધુ સંગઠિત બનશે. આને કારણે ટ્રાન્સપોર્ટનો ધંધો કરવાવાળાએ વધુ સંગઠિત અને વધુ ફાયદો મેળવનાર બનવું પડશે.

ટ્રક સુવિધાની જેમ શહેરની અંદર તથા શહેરો વચ્ચે ટ્રક જોડી, ટ્રક ફર્સ્ટ, મૂવો, ધ પોર્ટર, બનો હોર્ન, પાસે ધ કેરીયર નામે છ થી આઠ ટ્રક હેરફેર કરનારાઓએ ઓનલાઈન માર્કેટમાં પ્રવેશ લીધો આ એને આવી નવી કંપનીઓ આવતા છ મહિનામાં અંદાજે ૬ લાખ કરોડ સંગઠિત રૂપમાં લાવવા પ્રયત્ન કરશે.

ઓન લાઈન ટ્રક બજાર મંચ કંપનીઓ કાફલો રાખવો. ગોદામોની જગ્યા, ભરવા-ખાલી કરાવવાની સુવિધા અને તેની પાછળની ટેક્નોલોજી એ બધાનું સ્વરૂપ જ સાવ બદલી નાખશે.

ટ્રક જોડાણો દરેક લોડ જગ્યા ઉપર ૨% રાખીને ટ્રાન્સપોર્ટરોને પોતાના મંચ પર ધંધો મેળવવા ઓફરો મૂકવાની સુવિધા આપે છે. ઘણી વખત ટ્રકના ભાડાઓમાં સીજનમાં મળતા ભાડા અને ઓફ સીજન વખતે મળતા ભાડામાં રૂા. ૧૦,૦૦૦ જેટલો ફરક હોય છે. આ કંપનીઓના મંચ ટ્રાન્સપોર્ટરો વચ્ચે ભાવની સમતુલા દ્વારા ગ્રાહકને સૌ થી સારી-ઓછા ભાવે સુવિધા મેળવવાની તક આપે છે.

ટ્રાન્સપોર્ટરોમાંથી એકે જણાવ્યું કે છેલ્લા બે અઠવાડીયામાં તેને ટ્રક જોડાણને ત્યાંથી ૫ થી ૭

**અમારી બેંક રિઝર્વ બેંકની સુચના પ્રમાણે અન્ય નામે લખાયેલ ચેક સ્વીકારતી નથી માટે**
**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે જ લખવા**

ઓર્ડર મળ્યા. આનાથી ટ્રક ખાલી પાછી ફરે એ સમસ્યા પણ નીકળી ગઈ.

ટ્રાન્સપોર્ટરોના આંતર-શહેર જોડાણ મોટો બિજનેશ બની ગયા છે. ધ કેરીઅર, દિલ્હી થી સંચાલિત થતી મૂવો અને મુંબઈ થી સંચાલિત થતી ધ પોર્ટર આંતર-શહેર ટ્રક સેવાઓ આપે છે.

આ સંજોગોમાં આપણ ટ્રક માલિકોએ વધુને વધુ પ્રમાણમાં આ ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરવો જોઈએ. જો કે લોરીની વ્યવસ્થા કરી આપનારા કમિશન એજન્ટો માટે હવે નો સમય પડકારરૂપ હશે. તેમણે ટકી રહેવાના -ધંધો મેળવાના નવા નવા રસ્તા શોધવા પડશે.

આપણા બીજા વેપારો - ખાસ કરીને ખેતીવાડી અને બાગાયતી પેદાશોના વેપારમાં કમીશન એજન્ટ કે બ્રોકર રૂપે રોકાયેલ આપણા જ્ઞાતિજનોને પણ આવા ઓન લાઈન પડકારોનો સામનો કરવા સમયસર તૈયારી કરવી જોઈએ.

આશા રાખીએ કે પડકાર આપણને હચમચાવે તે પહેલાં સમજદારીથી નવી વ્યવસ્થામાં મૂળીયા જમાવી લઈશું.

## શ્રુત સન્માન સમારોહ
## શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

ઉપરોક્ત અભ્યાસક્રમ અંતર્ગત શ્રુતજ્ઞાન દાતાઓનો સન્માન સમારોહ ૧૦ મે ના દિવસે ભાંડુપ મુકામે યોજવામાં આવેલ. આ અવસરે અભ્યાસક્રમનો પાંચ વરસના ગુજરાતી પુસ્તકોના દાતાઓ તથા ત્રણ વરસના હિંદિ પુસ્તકોના દાતાઓનું પણ બહુમાન કરવામાં આવેલ. આ દાતાઓમાં અ.સૌ. પ્રમિલાબેન પ્રમોદ મોમાયા, શ્રીમાન રાયચંદ હંસરાજ ધરમશી, સંઘમાતા હંસાબેન હિરાચંદ પટેલ, માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા, અ.સૌ. લેખાબેન ધનપતિ મોમાયા, શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ હસ્તે પ્રેજ્ઞેશભાઈ તથા એક જ્ઞાન ભક્ત પરિવાર નો સમાવેશ થાય છે. સંસ્થા સહુ દાતાઓનો આભાર માને છે.

## શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગજ્ઞાન સંસ્થા દ્વારા સમ્યગ્જ્ઞાનના વર્ગો મુંબઈમાં બે સ્થળે શુરુ કરવામાં આવે છે. જેમને આ વર્ગોમાં લાભ લેવો હોય એમણે સંબધિત સ્થળે સંપર્ક કરવો.

**ભાંડુપ :** તા. ૯.૬.૨૦૧૫ મંગળવાર બપોરના ૨.૦૦ થી ૩.૦૦ પ્રથમ વર્ષ (સ. પ્રવેશિકા), ૩.૦૦ થી ૪.૦૦ દ્વિતિય વર્ષ (સ. પરિચય), તા. ૧૦.૬.૨૦૧૫ બુધવાર - બપોરના ૨.૦૦ થી ૩.૦૦ તૃતીય વર્ષ (સ. વિશારદ), ૩.૦૦ થી ૪.૦૦ ચતુર્થ વર્ષ (માસ્ટર ઑફ જૈનિઝમ-પ્રથમ વર્ષ)

સંપર્ક : શ્રી કુમારભાઈ દંડ - 99209 35464

**મસ્જીદ બંદર :** તા. ૧૧.૬.૨૦૧૫ ગુરુવાર બપોરના ૨.૦૦ થી ૩.૦૦ પ્રથમ વર્ષ, ૩.૦૦ થી ૪.૦૦ દ્વિતિય વર્ષ.

તા. ૧૨.૬.૨૦૧૫ બુધવાર બપોરના ૨.૦૦ થી ૩.૦૦ તૃતીય વર્ષ, ૩.૦૦ થી ૪.૦૦ ચતુર્થ વર્ષ.

સંપર્ક : શ્રીમતી લતાબેન વિકમશી - 93239 44117

## જાહેરાતકારોને સહકાર આપવા વિનંતી.

પ્રકાશ સમીક્ષાના ચાલુ અંક માટેની મેટર અને જાહેરાતો આમ તો બુધવાર સુધી મળી જાય તેમ મોકલવાની હોય છે. અલબત, પાર્ટી જો પોતે જાહેરાત બનાવરાવીને મોકલવાની હોય તો તે એકાદ દિવસ મોડેથી મોકલે તો પણ ચાલે, જો કે તે માટે આગાઉ થી જાણ કરીને જગ્યા બુક કરી લેવાનું જરૂરી છે.

કેટલીક પાર્ટીઓ અમે જાહેરાત બનાવીને તેમની બતાવીએ એવો આગ્રહ રાખતી હોય છે, તેમની જણાવવાનું કે અમારે માટે આ શક્ય નથી એટલે તેમને જાતેજ બનાવીને મોકલવી.

## ૧લી મે થી (અંક નં. ૧૮ થી) જાહેરાતનાં દરો

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામા ઓછા પા પાનની ૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ, ૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ, ૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ. આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઈચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફતરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

## સાતત્યપૂર્ણ દાંપત્ય જીવનની સમમીપૂર્તિએ ખોબલે ખોબલે અભિનંદન...

સામાજિક કાર્યોમાં પણ તેઓ અગ્રેસર રહ્યા છે.

પ.પૂ.આ.ભ. અચલગચ્છેશ શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા. ની ઉત્કૃષ્ટ પ્રેરણાએ કચ્છમાં બૌતેર જિનાલય, ભદ્રેશ્વર આદિ અનેક તીર્થસ્થળોએ પ્રતિષ્ઠાઓ તેમજ અન્ય ચડાવાના લાભો લીધેલ છે. કોઠારા, તેરા તથા કચ્છના અન્ય સ્થળોએ ભોજનશાળાઓ બંધાવી તેમજ અન્ય ક્ષેત્રે સાધર્મિક ભક્તિ ખૂબજ વિશેષરૂપે કરેલ છે. શ્રી સમેતશિખરજી મહાતીર્થે વીસ જિનાલય સમોસરણ તીર્થના નિર્માણમાં પણ એમનો નોંધનીય ફાળો રહ્યો છે.

પૂ. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તલિખીત ૧૦૦થી પણ વધુ પત્રો એમની પાસે છે એ જ્ઞાન રૂપી ગંગાના નિયમિતરૂપે દર્શન કરી શેઠશ્રી પોતાની દિનચર્યા શરૂ કરે છે.

સંઘવી, સંઘરત્ન એવમ્ તીર્થ નિર્માતા જેવી પદવીઓથી અલંકૃત એવા શેઠ શ્રી આજે ૮૯ વર્ષની વયે પણ યુવાનને શરમાવે એટલી સ્ફૂર્તિથી રોજીંદા કાર્યો કરતા કરતા સમાજ અને શાસનની કેટલીય મોભાદાર સંસ્થાઓમાં ટ્રસ્ટીનું માનભર્યું પદ પણ શોભાવી રહ્યા છે. સુકૃતે દાનના અનેકાનેક સુકાર્યો એમના નામ સાથે સંકળાયેલા છે !!

સાધર્મિક ભક્તિ અને શ્રમણ-શ્રમણી ભગવંતોની વૈયાવચ્ચ તથા જીવદયાના કાર્યોમાં સદૈવ કાર્યશીલ એવા આ વ્યવહાર-વિશારદ દંપતીને તંદુરસ્તીભર્યું શતાયુ બક્ષો અને સેવાના સુકાર્યો સદૈવ એમના કરકમળો દ્વારા થતા રહે એજ વીરપ્રભુને પ્રાર્થના અભ્યર્થના...

- સહુ શુભેચ્છકો વતી

**ભવાનજી (સોમચંદ) વેલજી લોડાયા** (આરીખાણા - મુલુંડ)

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન વરાડીયા આમંત્રણ

શ્રાવણ સુદ ૫ બુધવાર, તા. ૧૯-૦૮-૨૦૧૫ના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ તિર્થની ૧૧૩મી વર્ષગાંઠ ૧૧૪ મી ધ્વજા આરોહણ તથા શ્રાવણ વદ ૧૩થી ભાદરવા સુદ ૬ શુક્રવાર, તા. ૧૧-૦૯-૨૦૧૫થી શનિવાર, તા. ૧૯-૦૯-૨૦૧૫ થી સુધી પર્યુષણ પર્વની આરાધના કરવા ગામવાસી જ્ઞાતિજનો તથા નિયાણી બહેનોને સપરિવાર વરાડીયા પધારવા ભાવભર્યું આંમત્રણ. જીર્ણોધ્ધાર કાર્ય ચાલુ છે.

ભોજનાલય તથા અતિથીગૃહની વ્યવસ્થા છે. પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિનો લાભ લેવા વિનંતી.

સંપર્ક : શ્રી નિરંજન કેશવજી મોમાયા - 93222 24815
શ્રી પ્રતાપ મુલજી (પીર) - 98207 43993

।। શ્રી ગણેશાય નમઃ ।। ।। શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।। ।। શ્રી અંબેમાઁ નમઃ ।। ।। શ્રી રામદેવપીર નમઃ ।।

।। શ્રી ક્ષેત્રપાલ દાદાય નમઃ ।।



# 卐 શ્રી અંબેમાઁ ધરમશી પરિવાર 卐

**સ્થાન : સુથરી તીર્થ, તા. અબડાસા, જી. કચ્છ - ૩૭૦ ૪૯૦.**

- શ્રી અંબેમાં ધરમશી પરિવાર સુથરીની સર્વ સાધારણ સભા રવિવાર તા. ૧૪-૬-૨૦૧૫ના બપોરે ૪.૦૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ (દેવપુંજ), વાલજી લધા રોડ, મુલુન્ડ (વેસ્ટ) મધ્યે રાખેલ છે. તો દરેક ભાવિકોએ સમયસર હાજર થવા નમ્ર વિનંતી.
- શ્રી સુથરી નગરે શ્રી ધરમશી પરિવારના કુળદેવી શ્રી અંબેમાંની સોળમી વર્ષગાંઠ તા. ૨૨-૧૧-૨૦૧૫ થી તા. ૨૫-૧૧-૨૦૧૫ સુધી ઉજવવામાં આવશે. તો સર્વે ભાવિકો તથા નિયાણી બહેનો સહપરિવાર સહિત કચ્છ જવા તા. ૨૦-૧૧-૨૦૧૫ તથા મુંબઈ આવવા તા. ૨૬-૧૧-૨૦૧૫ ની ટીકીટ કઢાવી લેશોજી. ટીકીટો ૧૨૦ દિવસ (ચાર મહિના) પહેલા બુક કરાવી લેશોજી.
- નિયાણી બહેનોની સહપરિવાર ટીકીટ માતુશ્રી લક્ષ્મીબેન શાંતિલાલ ધરમશી તરફથી કઢાવી આપવામાં આવશે. તો વહેલાસર નામ-ઉમર તથા કોન્ટેક નંબર લખાવી લેશોજી. સંપર્ક : દેવેન શાંતિલાલ ધરમશી - 98203 33843, હિરેન લખમશી ધરમશી - 98196 55254
- આપણા પરિવારના ભાવિકોમાંથી વર્ષગાંઠ નિમિત્તે આવવા ઇચ્છતા હોય પણ સંજોગોના કારણે આવી શકતા ન હોય તો ટીકીટ પોતાની રીતે કઢાવી લેવી એની ઝેરોક્સ કોપી આપી, ટીકીટના ૧૨૦૦ (અંકે બારસો) મેળવી લેશોજી.એની વિગત ગુપ્ત રાખવવામાં આવશે. સંપર્ક : પંકજ જવેરચંદ ધરમશી - 9820517829

લી. **શ્રી અંબેમાં ધરમશી પરિવારના જય માતાજી**

તં દેવ દેવં મહિઅં... સિરસા વંદે મહાવીરમ્...

|| નમો નમઃ શ્રી જિનશાસનાય ||

|| અચલગચ્છ શણગાર શ્રી આર્ય-ગુણ-ગુણોદય-કલાપ્રભ સૂરિભ્યો નમો નમઃ ||

|| ધર્મો રક્ષતિ રક્ષિતઃ ||



જન્મદાતા, સંસ્કારદાતા, ધર્મદાતા ઉપકારી પિતાશ્રી

# સંઘવી ભાગચંદ દામજી જૈન

ની પુણ્યસ્મૃતિમાં

અને

## પ.પૂ.સા.શ્રી ધૈર્યપ્રભાશ્રીજી મ.સા.

ની ૬ઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે



## ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે પધારવા

# ભાવભર્યું આમંત્રણ

**પાવન સ્થળ : શ્રી શાંતિનાથજી જિનાલય, માતૃભૂમિ-કોઠારા (કચ્છ), તા. અબડાસા**

**પાવન દિવસ : જેઠ વદ ૧૦/૧૧/૧૨ ગુરૂ, શુક્ર, શનિવાર તા. ૧૧-૧૨-૧૩ જુન ૨૦૧૫**

**મંગલ આશિર્વાદ**

અચલગચ્છાધિરાજ પ.પૂ.આ.ભ.શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા.

**મહામંગલકારી પાવન નિશ્રા**

અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની પ.પૂ. મુનિરાજશ્રી **મુક્તિરત્નસાગરજી** મ.સા.

પ.પૂ. મુનિરાજશ્રી **આર્યરત્નસાગરજી** મ.સા. આદિ ઠાણા

પ.પૂ. સાધ્વીશ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ના સમુદાયના પ.પૂ. સાધ્વીશ્રી **નંદિવર્ધનાશ્રીજી** મ.સા.

અને પ.પૂ. સાધ્વીશ્રી **કલ્પરસાશ્રીજી** મ.સા. આદિ ઠાણા

**પરમાત્માના આ પાવન જિનભક્તિ ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે સમસ્ત કચ્છી જૈન સમાજને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**તેરા તીર્થ :**
વિ.સં. ૨૦૭૧ જેઠ વદ ૧૦
ગુરૂવાર, તા. ૧૧-૬-૨૦૧૫
**શ્રી જીરાવલા પાર્શ્વનાથ મહાપુજન**

**કોઠારા તીર્થ :**
વિ.સં. ૨૦૭૧ જેઠ વદ ૧૧
શુક્રવાર, તા. ૧૨-૬-૨૦૧૫
**શ્રી વાછરા દાદાની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ**
**એવં સિદ્ધચક્ર મહાપૂજન**

**રાણપર કચ્છ :**
વિ.સં. ૨૦૭૧ જેઠ વદ ૧૨,
શનિવાર, તા. ૧૩-૬-૨૦૧૫
**પરમાત્માના અઢાર અભિષેક**

## 卐卐卐 મંગલ મહોત્સવ 卐卐卐

**પ્રથમ દિન : જેઠ વદ ૧૦ ગુરૂવાર, તા. ૧૧-૬-૨૦૧૫**

| | | | |
|---|---|---|---|
| સવારના | ૧૦.૦૦ ક. | કોઠારા તીર્થ | શ્રી પંચ કલ્યાણક પૂજા |
| સવારના | ૧૧.૩૦ ક. | તેરા તીર્થ | શ્રી સ્વામિવાત્સલ્ય |
| સવારના | ૧૧.૩૧ ક. | તેરા તીર્થ | શ્રી જીરાવલા પાર્શ્વનાથ મહાપૂજન |
| સાંજના | ૦૬.૦૦ ક. | કોઠારા તીર્થ | સંધ્યાભોજન (ચોવિહાર) |
| રાતના | ૦૮.૦૦ ક. | કોઠારા/તેરા તીર્થ | ભવ્ય આંગી–મહાપૂજા, શ્રી અચલગચ્છ અધિષ્ઠાયીકા મહાકાલી માતાજીની ભાવના |

**દ્વિતીય દિન : જેઠ વદ ૧૧ શુક્રવાર, તા. ૧૨-૬-૨૦૧૫**

| | | | |
|---|---|---|---|
| સવારના | ૦૭.૩૦ ક. | કોઠારા તીર્થ | નવકારશી |
| સવારના | ૧૦.૧૫ ક. | કોઠારા તીર્થ | અન્ય દેવી–દેવીની પ્રાણપ્રતિષ્ઠા |
| સવારના | ૧૧.૩૦ ક. | કોઠારા તીર્થ | ધુવાબંધ ગામ જમણ–સ્વામિવાત્સલ્ય |
| બપોરના | ૧૨.૩૯ ક. | કોઠારા તીર્થ | શ્રી સિદ્ધચક્ર મહાપૂજન |
| સાંજના | ૦૬.૦૦ ક. | કોઠારા તીર્થ | સંધ્યાભોજન (ચોવિહાર) |
| સાંજના | ૦૭.૦૦ ક. | કોઠારા તીર્થ | સંધ્યાભક્તિ |
| રાતના | ૦૮.૦૦ ક. | કોઠારા તીર્થ | પરમાત્માની આંગી–મહાપૂજા–પ્રભુજીની ભક્તિ ભાવના–મહા આરતી |

**તૃતીય દિન : જેઠ વદ ૧૨ શનિવાર, તા. ૧૩-૬-૨૦૧૫**

| | | | |
|---|---|---|---|
| સવારના | ૭.૦૦ ક. | રાણપર | પરમાત્માના અઢાર અભિષેક |
| સવારના | ૭.૩૦ ક. | કોઠારા તીર્થ | નવકારશી |
| સવારના | ૯.૦૦ ક. | કોઠારા તીર્થ | પરમાત્માના અઢાર અભિષેક |
| સવારના | ૧૧.૩૦ ક. | કોઠારા તીર્થ | સ્વામિવાત્સલ્ય |
| રાતના | ૮.૦૦ ક. | કોઠારા તીર્થ | પરમાત્માની આંગી, પ્રભુજીની ભક્તિભાવના |

- **કોઠારાના શ્રી વાછરાદાદા, ગણેશજી અને ક્ષેત્રપાળ દાદાની પ્રતિષ્ઠા**
  જેઠ વદ ૧૧ શુક્રવાર, તા. ૧૨–૬–૨૦૧૫ ના સવારના ૧૦.૧૫ કલાકે
- **વરાડીયાના શ્રી વાછરાદાદા અને ગણેશજી અને ક્ષેત્રપાળ દાદાની પ્રતિષ્ઠા**
  જેઠ વદ ૧૧ શુક્રવાર, તા. ૧૨–૬–૨૦૧૫ સવારના ૮.૦૧ કલાકે
- **બપોરના મોટી પૂજા અને પરમાત્માની આંગી**
  જેઠ વદ ૧૧ શુક્રવાર, તા. ૧૨–૬–૨૦૧૫
  પાલિતાણા, સુથરી, તેરા, નલિયા, જખૌ, સાયરા, સાંધવ, પરજાઉ, ગઢશીશા, દેઢિયા, ૭૨ જિનાલય, ભદ્રેશ્વર તીર્થ અને મુલુંડમાં

**વિધિકાર : શ્રી કેવલ વશનજી સાવલા – ડેપા**

**સંગીતકાર : શ્રી કૌશીક બારોટ એન્ડ પાર્ટી – પાલિતાણા**

**મહાપૂજા અને શણગાર : શ્રી ભરતભાઈ દીવડાવાળા – સુરેન્દ્રનગર**
**શ્રી કિરણ ગાલા – રાયણ**

**(ત્રણે દિવસ મુંગા અબોલ પશુ–પક્ષીઓની જીવદયા અને અનુકંપા દાન)**

**ધુવાબંધ - ગામ જમણ : શુક્રવાર, તા. ૧૨-૬-૨૦૧૫ સવારના ૧૧.૩૦ ક. કોઠારા-કચ્છ**

**નિમંત્રક :**
**સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી કાનજી જૈન પરિવાર**
**કોઠારા–કચ્છ, હાલ–મુલુંડ, મુંબઈ**

**આયોજક :**
**શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ – મુંબઈ**
**જયેશ જૈન • ગોવિંદજી પટેલ**

**વિશેષ સહયોગ :**
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન–કોઠારા તથા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન–તેરા**

## ચર્ચાના ચોતરે

## વસતિપત્રક : બંને પક્ષે ઉદાસીનતા

વસતિપત્રક સમિતિની રચના જ્યારે થઈ ત્યારે દસ દસ વર્ષના ગાળામા વસતિપત્રક પ્રગટ કરવાની બંધારણીય જવાબદારી લેવામાં આવી. આ આપણા વસતિપત્રકના ઈતિહાસ પ્રમાણે ઠીક જ હતું, અને લગભગ એ સમયાંતરે પ્રગટ થતું આવ્યું. છેલ્લું ૭મું વસતિપત્રક ઈ. સ. ૨૦૦૨માં પ્રગટ થયું.

૮માં વસતિપત્રકની તૈયારી તો ૩ વર્ષ પહેલાં શરુ થઈ. નવા ફોર્મ કાઢી વસતિપત્રક સમિતિએ બધા જ્ઞાતિજનોની માહિતી એકઠી કરી લીધી પણ એક અથવા બીજા અગમ્ય કારણોથી વસતિપત્રક પ્રગટ કરવાની બાબતે બિલકુલ અકળ મૌન ધારણ કરી દીધેલ છે. જેના કારણે નીચે મુજબના પ્રશ્નો ઊભા થાય છે.

૧) જ્ઞાતિજનોએ આપેલ માહિતી જુની થઈ ગઇ છે.

૨) નવા લગ્નો, સગપણો, જન્મ-મરણની નોંધો 'પ્રકાશ-સમીક્ષા' અને અન્ય સામાયિકો ઉપરથી લેવાય છે. તેવી જ રીતે સરનામા ફેરફારની નોંધો બાબત થાય છે.

૩) બધા જ્ઞાતિજનો પોતાના સરનામા તથા કુટુંબમાં થતા ફેરફારો પ્રકાશ સમીક્ષા કે અન્ય જ્ઞાતિપત્રોને મોકલતા નથી.

વસતિપત્રક સમિતિએ કરેલા કરાર મુજબ વસતિપત્રકને ઈન્ટરનેટ ઉપર દર્શાવવા એન્ડ્રોઈડ, આઈ ઓએસ તથા બ્રાઉઝર મારફત બતાવવા એપ્લીકેશન બનાવેલ છે, જેમાં સેક્યુરીટી ખાતર ફક્ત આપણાં જ્ઞાતિના જનોને જ પ્રવેશ મળી શકે છે. આ એપ્લીકેશન મારફત પોતાના કુટુંબમાં તથા ફેરફાર પણ કરી શકાય છે. પરંતુ વસતિપત્રક સમિતિ તરફથી રખાતી ઉદાસીનતાને કારણે આ બાબતની માહિતી કોઈ પણ જ્ઞાતિપત્રમાં વખતો વખત અપાતી નથી.

વસતિપત્રક સમિતિની છેલ્લી મીટીંગમાં જાહેર થયેલ સમય પત્રકને સાચવવામાં તથા નાણાકીય વ્યવસ્થા કરવામાં સરિયામ નિષ્ફળતાને કારણે આ એપ્લીકેશન પણ ૩૧મી માર્ચ ૨૦૧૫ સુધીની મુદત માટે હતી જે ક્યારે પણ બંધ થઈ શકે છે. આ એપ્લીકેશનથી જાહેરાત પેટે નાણા ભેગા કરવાની બાબત એમ જ લટકેલી છે. આ એપ્લીકેશનને અપગ્રેડ કરી હજી ઘણી નવી સર્વિસ ચાલુ કરવા પણ કોઈ પણ પગલાં લેવાયેલ નથી.

જ્ઞાતિજનો પાસેથી લીધેલ જાહેરાતો પ્રસિદ્ધ કરવા માટેની રકમો, પટ્ટીઓ માટેનો ફાળો, મહાજનો પાસેથી લીધેલ ફાળાઓ અને વસતિપત્રક સમિતિએ અત્યાર સુધી કરેલા ખર્ચાઓ જેવા કે વિડીઓ શૂટિંગ, ટેક્ષી ભાડા, જાહેરાતો, યોજેલા સમરંભોના ખર્ચા બધાજ આ લાપરવાહીના કારણે ખાડામાં જવાની તૈયારીમાં છે.

અનુસંધાન પાના નં. ૧૮ પર

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જશાપુર મહાજન

આથી સર્વે ગામવાસીઓને જણાવવાનું કે મહાજનની જનરલ મીટીંગ તા. ૨૮.૬.૨૦૧૫ ને રવિવારના ૩.૩૦ થી ૬.૦૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. મુખ્ય એજન્ડા આ પ્રમાણે છે.

૧) ૨૦૧૩થી ૨૦૧૪ના ઓડીટ થયેલ હિસાબ કિતાબની બહાલી.

૨) પર્યુષણ પર્વ રાખવા વિષે ચર્ચા-વિચારણા.

૩) વિદ્યાર્થીઓનું બહુમાન.

**મીટીંગનું સ્થળ :** વિરજી જીવરાજ મેપાણી, દેવપૂજ હોલ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ).

**ખાસ નોંધ :** ગામના જે વિદ્યાર્થી ને ૭૫% ના ઉપર રીજલ્ટ હશે તેની નોંધ મો. **099204 74047** પર કરવા વિનંતી.

જશાપરમાં ગાયો ને લીલો તથા સૂકો ઘાસ ચારો આપવામાં આવે છે, તો જીવદયા માટે વિનંતી.

સંપર્ક : **098208 21908**

### નલીનપુર નારી નીગમ

**'વાર્ષિક દિન' ઉજવી એ કચ્છીયત સાથે**

દિવસ : તા. ૧૨/૭/૨૦૧૫,
સ્થળ : શેઠશ્રી નરસી નાથા હોલ, અનંતસિધ્ધિ, ભાંડુપ
સમય : બપોરના ૨.૦૦ વાગ્યાથી

**''કચ્છીયતની રંગત, N N N ની સંગત''**

(૧) કચ્છ સંસ્કૃતિ દર્શન (૨) હુન્નરો (બાંધણીકામ, મોતીકામ, ભરતકામનું ડેમોન્સ્ટ્રેશન (૩) કચ્છ પ્રદેશ અને ઈતિહાસ પર આનંદમય કવીઝ (૪) કચ્છની નર નારીઓ પર નાની કચ્છી સ્કીટો (૫) કચ્છ પ્રદર્શન (૬) કચ્છી લોકગીતો (૭) ભોજન.

સૌ નલિયાવાસી કુટુંબો અને નલિયાની નિયાણીઓને પધારવા અને પ્રવૃત્તિઓમાં ભાગ લેવા આમંત્રણ.

યોગ્ય વ્યવસ્થા માટે પધારનાર ભાઈ બહેનોએ પોતાના નામો મેમ્બર્સને નોંધાવવા વિનંતી.

૧) નીલમ નાગડા : 9833848403
૨) હીના લોડાયા : 98203 18345

**નલીનપુર નારી નીગમ વતી**

લિ. ભાવના જયેશ ખોના

RAJSHREE YOGA & FAT FREE ZONE®

Weight Management & Yoga Center
Since 1994

## રાજશ્રી યોગાના ડાયાબિટીસ મુક્તિ અભિયાનમાં ઘણા લોકો ભાગ લઈ ચુક્યા છે. શું આપ હજી બાકી છો ?

**આપણે આપણી બેદરકારી અજ્ઞાનતા અને લાઈફ સ્ટાઈલ થી "બિલકુલ ટાઈમ નથી" ના રટણ હેઠળ પોતાની જીંદગી તથા ભવિષ્યની પેઢીનું સ્વાસ્થ્ય જોખમમાં મુકી રહયા છીએ.**

**હવે જન્મથી જ બાળકો ડાયાબિટીસ લઈને આવે છે.**

**આ બધા માટે આપણે જ જવાબદાર છીએ. તો ચાલો આજે જ નિશ્ચય કરીએ કે આપણા કુટુંબ અને સમાજને ડાયાબિટીસ મુકત કરીએ. જેટલા લોકો ડાયાબિટીસ માટે જોડાયેલા એમાંથી લગભગ બધા જેમણે આખો કોર્સ પૂરો કર્યો છે તેમાંના ઘણાની દવા તથા ઈન્સ્યુલીન બંધ થઈ ગયા છે. ફરી સુગર વધે નહીં એ માટે મેઈનટેઈન નો પ્રોગ્રામ આપવામાં આવે છે.**

- ➞ **જેમના લગ્ન થયા છે અને ડાયાબિટીસ છે પરંતુ હજી બાળકો નથી તેઓ જરૂર સંપર્ક કરે. જો માતા–પિતાને ડાયાબિટીસ નહીં હોય તો આવનારા બાળકો પણ કદાચ ડાયાબિટીસ મુકત હશે.**
- ➞ **નાના બાળકો અને ઈન્સ્યુલીન લેનારાઓ માટે ખાસ.**

Ph:- 93233 33303, 93218 99909, 24104142

**મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી.**

**રિસેપ્શનિસ્ટ માટે English બોલી શકે તેવી તથા કોમપ્યુટર માટે છોકરીઓ જોઈએ છે**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે, દાદા સાહેબ ફાલકે રોડ,
ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ-૪૦૦ ૦૧૪
Website : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

# ધર્મ પ્રકાશ - નવકાર મંત્ર વિશે શાસ્ત્રીય જાણકારી

સ. : નવકાર મંત્રનો ઇતિહાસ શું છે ?

જ. : નવકાર મહામંત્ર અનાદિ કાળથી ચાલતો આવ્યો હોવાથી એનો સર્જક (રચયિતા) કોણ છે તે કોઈ જાણતું નથી. પ્રાચીન કાળમાં ચૌદ પૂર્વધર શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામિએ સર્વ પ્રથમ પંચપરમેષ્ઠિ ઉપર નિર્યુક્તિ નમસ્કાર મહામંત્રની રચેલી. પ્રથમ પાંચ પદો અને ચુલિકાના ચાર પદો મળીને નમસ્કાર મહામંત્રને 'મહાનિષિથ' આગમમાં મહાન્મૃત સ્કંધ તરીકે વર્ણવેલ છે. એમાં નમસ્કાર મહામંત્રને 'પંચમંગલ મહાન્મૃત સ્કંધ' તરીકે નામ આપેલ છે. (મહાનિષિથ આગમ નવ પૂર્વના આધારે રચેલ છે.)

મહર્ષિ શ્રી હરિભદ્ર સૂરિએ મહાનિષિથ આગમની મૂળ પ્રત મેળવવા માટે મથુરામાં શ્રી પાર્શ્વનાથના સ્તૂપ આગળ પંદર ઉપવાસ દ્વારા આરાધના કરી શાસન દેવતા પાસેથી મેળવેલી. પરંતુ તે ઉધઈથી ખંડખંડ થયેલ અને એના પાના પણ જીર્ણ અવસ્થામાં હોવાથી તેઓએ તેનો અભ્યાસ અને સંશોધન કરી, સ્વમતિ અનુસાર સંકલન કરી રચના કરેલ કે જેને શ્રુતધર યુગાચાર્યોએ તપાસી માન્યતા આપી. જે વર્તમાનનું **'મહાનિષિથ'** આગમ છે. દસ પૂર્વધર અને તેરમા પટ્ટધર યુગાચાર્ય શ્રી વજસ્વામીએ સર્વ સૂત્રોની (આગમોની) આદિમાં મંગલ તરીકે નમસ્કાર મહામંત્રને સ્થાપિત કરેલ છે. તેથી સર્વ આગમ સૂત્રોની આદિમાં મંગલ તરીકે આવે છે.

તે સિવાય પ્રાચીન, મધ્યકાલીન ને સર્વાચિન સમયના અનેક ગુરૂભગવંતોએ અને અનેક વિદ્વાનોએ આ મહામંત્ર ઉપર વિપુલ પ્રમાણમાં સાહિત્ય રચેલ છે અને તે પ્રકાશિત થયેલ છે.

સ. : નમસ્કાર મહામંત્રના બે પ્રકારના સ્વરૂપ ક્યા ?

જ. : (૧) બાહ્ય સ્વરૂપ (૨) આભ્યંતર સ્વરૂપ.

બાહ્ય સ્વરૂપ : બાહ્ય સ્વરૂપ એટલે નમસ્કાર મહામંત્રનો અક્ષર દેહ. અક્ષર દેહ સ્વરૂપ છે. શબ્દ એ નમસ્કાર મહામંત્રનું શરીર છે, મંત્રના શરીરથી આપણે સાધના યાત્રાનો પ્રારંભ કરીએ છીએ અને આત્મા સુધી પહોંચીએ છીએ. શબ્દ એ મંત્રનું શરીર છે, અર્થ એ પ્રાણ છે ને ભાવ એ નમસ્કારનો આત્મા છે. શબ્દોમાં જ્યારે ભાવ ભળે છે ત્યારે એ શબ્દોની તાકાત વધી જાય છે. નમસ્કાર મહામંત્રના નવપદો છે. આઠ સંપદા છે. અડસઠ અક્ષરો છે. તેમાં ૬૧ લઘુ અને સાત ગુરૂ અક્ષરો છે. ચૌદ 'ન' કાર છે. તે ચૌદ પૂર્વને જણાવે છે. (પ્રાકૃતમાં 'ન' અને 'ણ' બંને વિકલ્પો આવે છે.) બાર 'અ' કાર આવે છે. તે બાર અંગોને જણાવે છે. આઠ 'સ' કાર આવે છે તે આઠ સિદ્ધિને સૂચવે છે. નવ 'મ' કાર આવે છે જે ચાર મંગલ અને પાંચ મહાવ્રતોને સૂચવે છે. નવ 'મ' કાર આવે છે જે ચાર મંગલ અને પાંચ મહાવ્રતોને સૂચવે છે. આમ અક્ષર અને અક્ષરના સમૂહાત્મક શબ્દોમાં અપરિમિત શક્તિ રહેલી છે.

અભ્યંતર સ્વરૂપ : નવકારનો અર્થ દેહ અને ભાવદેહ એટલે જ આંતરિક સ્વરૂપ. મંત્ર અર્થાત્મા જોડે જોડાયેલો હોય છે ત્યારે જ તે મંત્ર બને છે. મંત્રની સાધના કરનારે પ્રથમ મંત્રના શરીરનો (શબ્દનો) સ્પર્શ કરવો પડે છે અને તે પછી એના માધ્યમ દ્વારા અર્થ-ભાવાત્મા સુધી પહોંચવું પડે છે. નવકારના પહેલાં પાંચેય પદમાં પહેલો શબ્દ નમો છે. આ નમો પદમાં નમસ્કારની ભાવના પ્રગટે છે. નમસ્કારનો અર્થ થાય છે, મનથી પંચ પરમેષ્ઠિના ગુણોનું પરિણમન, વાણીથી પંચપરમેષ્ઠિના ગુણોનું ભાષન, કાયાથી (હાથ જોડીને) પંચ પરમેષ્ઠિ ભગવંતોને સમ્યક્ પ્રણામ. એ નમસ્કારના નમો શબ્દનો અર્થ થાય છે.

જ્ઞાનીઓ નમો શબ્દને ધર્મનું બીજ કહે છે, કારણ કે વિનયપૂર્વક નમીને શુદ્ધભાવ અને ક્રિયા દ્વારા કરેલી પ્રાર્થના છે. કારણ કે વિનયપૂર્વક નમીને શુદ્ધભાવ અને ક્રિયા દ્વારા કરેલી પ્રાર્થના છે. હૃદયને ભક્તિયોગનું પ્રતીક ગણવામાં આવ્યું છે કારણ સાચી ભક્તિ હૃદયમાંથી પ્રગટે છે. મસ્તકને જ્ઞાનયોગનું અને હાથ કે જેને ક્રિયાયોગનું પ્રતીક ગણવામાં આવ્યું છે. આમ નમસ્કાર મહામંત્રનું અભ્યંતર સ્વરૂપ છે. ભક્તિયોગ, ક્રિયાયોગ ને જ્ઞાનયોગ દ્વારા કરેલી પરમ પ્રાર્થના.

અભિમાન-અહંકારનું સ્થાન મસ્ત છે. મસ્તક ઝુકવાથી, નમવાથી, મનના દોષો શુદ્ધ થાય છે અને અહંકાર આપોઆપ વિલય પામે છે. નમવાથી શ્રદ્ધા અને ભાવ જાગે છે. એના પ્રભાવથી હૃદયમાં પ્રકાશ પ્રકટે છે. જ્ઞાન વિજ્ઞાનનું સ્થાન બુદ્ધિ છે, જ્યારે શાંતિ અને આનંદનું સ્થાન હૃદય છે. **બુદ્ધિનો વિકાસ અને હૃદયના પ્રકાશમાંથી વિનયનો જન્મ થાય છે, મૈત્રીભાવ જાગે છે. આજ નમસ્કારનું અસાધારણ ફળ છે. નમસ્કારના સાત્ત્વિકભાવ અને ક્રિયા દ્વારા શ્રદ્ધા અને મનની એકાગ્રતા જાગે છે. આજ ધર્મનું બીજ છે.** અને અંતે એનું ફળ મોક્ષ છે. 'જૈન ધર્મનું સ્વરૂપ' નામના ગ્રંથમાં ગ્રંથકાર પૂ. ચરણવિજયજી


**ઘર ભાડે આપવું છે.**

કાંજુરમાર્ગ કોમ્પલેક્ષમાં 1 R.K. ફુલી ફર્નિસ્ડ (ફ્રિજ/ટી.વી./કબાટ) સાથે. ભાડે આપવું છે.

(સ્ટુડન્સ/સર્વિસ કરનારા માટે) ગ્રુપમાં રહેવા યોગ્ય.

સંપર્ક : સુરેશ ધરમશી - મો. : 093245 01333



।। શ્રી મોમાઈ માતાય નમઃ ।।

કચ્છ ગામ રાણપરના (હાલ લાલા ગામે બીરાજમાન) મોમાઈ માતાને નમતા ભાવિકોને જણાવવાનું આપણા માતાજીના ભૂવા નવીનચંદ્ર દેવજી મોમાયાના સ્વર્ગવાસને ત્રણ વર્ષ પૂરા થવાના હોવાથી તેમની ગંધીની તર્પણ વિધિ તથા નવા ભૂવા (પાત્ર)ની નીમણૂક માટેની વિધિમાં સહભાગી થવા નીચે આપેલ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**હીતેન રતીલાલ મોમાયા - 98201 29382**

**ભૂપેન નવીનચંદ્ર મોમાયા - 98209 69692**

**અતુલ મોમાયા - 92241 02976**

ગુરૂ ભગવંત ફરમાવે છે. કે -'પંચ' પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર એ જ જૈન ધર્મનું સ્વરૂપ છે. તેની અર્થ ભાવનામાં જ સર્વ સિદ્ધિનું બીજ અને સર્વ અનુષ્ઠાનોનો પ્રાણ છે.

સ. : 'નમો સિદ્ધાણં' એ શાબ્દિક મર્યાદામાં સૌથી નાનું અધ્યયન હોવા છતાં સૌથી મહાન અધ્યયન કેમ ગણાય છે ?

જ. : સિદ્ધ પદ એટેલે નમસ્કાર મહામંત્રની સાધનાનું અંતિમ લક્ષ્ય ગણાય છે. બધા જ શ્રુત અને શાસ્ત્રનું એક માત્ર લક્ષ્ય એટલે સિદ્ધ પદ. આ પદ પર ટીકા કરતાં પૂ. અભયદેવસૂરિ ફરમાવે છે કે – જેના વડે પૂર્વ બંધાયેલું આઠ પ્રકારનું કર્મરૂપ ઈંધન (બળતણ) જાજવલ્યમાન શુક્લધ્યાન રૂપી અગ્નિ વડે બાળી નાંખ્યું છે તે સિદ્ધ કહેવાય છે.

સિદ્ધ અવસ્થા એ અંતિમ અવસ્થા છે. અરિહંત પરમાત્મા પણ દીક્ષા લેતી વખતે સિદ્ધને જ નમસ્કાર કરે છે. અરિહંતો પણ ચાર અઘાતિ કર્મનો ક્ષય કરી, યોગ નિરોધ કરી સિદ્ધ જ બને છે. તીર્થંકર પદ શાશ્વત છે, પણ તીર્થંકર પ્રકૃતિ અશાશ્વત છે, જ્યારે સિદ્ધપદ સદૈવ રહે છે. જે ત્રિકાળ નિત્ય છે. આદિ અનંતથી શાશ્વત સ્થિતિ વાળું છે. જગતના તમામ પદાર્થ પર કાળની અસર હોય છે, પરંતુ સિદ્ધપદ પર કાળની અસર હોતી નથી. તે સર્વકાલિન સિદ્ધ છે. સિદ્ધત્વ પ્રાપ્તિ પછી એ આત્માઓ સિદ્ધ ક્ષેત્ર અથવા લોકાંતે બિરાજમાન છે. 'નમો સિદ્ધાણં' પદનો ઉચ્ચાર થતાંની સાથે, આ પાંચ અક્ષરનું પદ બોલતાં માત્ર એક સેકંડ લાગે છે ને અનંત સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાય છે.

॥શ્રી ચંદ્રપ્રભુ સ્વામિ નમઃ ॥ ॥ શ્રી જવાલા માલિની નમઃ ॥

## શ્રી લાલા તીર્થે પર્યુષણા પર્વ આરધના

**તા. ૧૧-૯-૨૦૧૫ થી તા. ૧૮-૯-૨૦૧૫**
**શ્રાવણ વદ ૧૩ થી ભાદરવા સુદ – ૫**

સહર્ષ સર્વ શ્રી લાલા વાસીઓને તથા નિયાણી બહેનો ને સહપરિવાર પર્યુષણ પર્વની ઉમંગ – ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવા ટ્રસ્ટ મંડળ તરફથી હાર્દિક નિમંત્રણ છે.

પર્યુષણ પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિ તેમ જ આવાસ – નિવાસની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. પધારનાર આરાધકોને વિનંતી કે તેમના નામો લખાવવા નીચેના મોબાઈલ નંબર પર સંપર્ક કરે, જેથી વ્યવસ્થા કરવાની સુગમતા રહે.

સંપર્ક : ૦૯૩૨૨૧ ૨૬૬૦૨

લિ.

શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ
પ્રમુખ શ્રી
કુસુમકાંત ટોકરશી નાગડા

સ. : નવકાર મંત્રને 'સ્વ સ્વરૂપ મંત્ર' શા માટે કહેવામાં આવ્યું છે ?

જ. : જૈન દર્શનમાં આત્મ સ્વરૂપનો અનુભવ પ્રાપ્ત કરવો એ મનુષ્ય જીવવનું આદ્ય ધ્યેય ગણવામાં આવ્યું છે. આ ધ્યેય ત્યારે જ સફળ થઈ શકે જ્યારે વ્યક્તિ 'સ્વ-સ્વરૂપ' ને સમજી શકે. એના પર ચિંતન-મનન કરી સ્વદોષોનું નિવારણ કરે. જ્યારે આત્માનું શુદ્ધિકરણ થાય છે ત્યારે આત્મે સ્વરૂપની અનુભવની પ્રાપ્તિ થાય છે. નવકારમંત્ર-સ્વસ્વરૂપ મંત્ર એવો પૈગામ આપે છે કે **'તું સ્વ ને જાણ ! અને સ્વને જે જાણે છે તે જ જગતને જાણે છે.'**

સર્વ મંગલો ને મંત્રોનું જન્મસ્થાનક નવકાર મંત્ર છે એટલે પંચ પરમેષ્ઠિ આરાધના માટે ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. માણસ જો ભાવપૂર્વક નમસ્કાર મહામંત્રનું જ આલંબન કે શરણું લે તો એ જરૂર સ્વ ના સ્વરૂપને પ્રાપ્ત કરવાની યોગ્યતા મેળવી શકે. એને બહાર કયાંક જવાની જરૂર નથી. નમસ્કાર મહામંત્રની એક એક રચના અને એની સાશ્ચર્યજનક યોજના, અદ્‌ભુત અને અલૌકિક છે. જે તત્ત્વ, સત્ત્વ, જ્ઞાન અને વિજ્ઞાનનું અદ્‌ભૂત રસાયણ છે.

સુબોધ સતીશ મસાલીયા – પ્રબુદ્ધ જીવનમાંથી સાભાર



Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી,
રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા

રીયલ બટ કસબની સાડી બોર્ડર પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની
ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881

ગુરૂવાર બંધ

## હળવા રહો, ખુશ રહો.

આધુનિક જીવનશૈલીએ સ્ત્રીને પાંખો આપી છે અને આકાશ પણ આપ્યું છે. મન મૂકીને ઊડવાની મોકળાશ માણતાં તેનામાં રહેલી સનાતન પ્રેયસી અને મા શોધે છે હરિયાળી શાખ અને હૂંફાળો માળો પણ. જિંદગીનો આનંદ માણવાની અને વિકસતા જવાની અનંત તકો સાથે પેકેજ ડીલમાં તેને મળ્યાં છે અજંપો અને સ્ટ્રેસ. ભારતની સંસ્કૃતિ, સામાજિક પરંપરા, પરિવારની માનસિકતા અને સ્ત્રીની તેમાં ભૂમિકા સાથે કારકિર્દીનો મેળ પાડવાનું કામ નાકે દમ લાવી દે તેવું છે. સર્વેક્ષણ મુજબ ભારતીય સ્ત્રીઓ વિશ્વના મોટા ભાગનાં રાષ્ટ્રની સ્ત્રીઓ કરતાં વધારે સ્ટ્રેસમાં જીવે છે.




એવું નથી કે ભણેલી અને ઉચ્ચ હોદ્દા પર કામ કરતી સ્ત્રીઓને વધારે સ્ટ્રેસ હોય છે. ભારતમાં ગરીબ-અભણ સ્ત્રીઓને તેમનો અને મધ્યમવર્ગની ભણેલી સ્ત્રીઓને તેમનો સ્ટ્રેસ હોય છે. સર્વેક્ષણમાં જણાયું છે કે ભારતની ૮૭ ટકા સ્ત્રીઓ સ્ટ્રેસમાં જીવે છે અને તે પણ સતત. આ વાંચીને પણ સ્ટ્રેસ આવી જાય. અમેરિકા જેવા વર્કોહોલિક રાષ્ટ્રમાં પણ ફક્ત ૫૩ ટકા સ્ત્રીઓ સ્ટ્રેસમાં હોય છે.

આવું કેમ છે ? સવાલ એ થાય છે કે શા માટે આપણે આપણી સ્ત્રીઓને આ સ્થિતિમાં રાખી છે ? આપણા ઋષિઓ તો સ્ત્રીને દેવી, નારાયણી કહે જ છે, પણ ચેતન ભગત જેવા આધુનિક લેખક પણ ભારતની સ્ત્રીને ખૂબ માનથી જુએ છે. એક ઈન્ટરવ્યૂમાં તેમણે કહેલું કે ભારતની સ્ત્રી વિશ્વમાં સૌથી સુંદર સ્ત્રી છે. મા તરીકે, બહેન તરીકે, દીકરી તરીકે, સાથી તરીકે, મિત્ર તરીકે, પત્ની તરીકે, પ્રિયતમા તરીકે તે દુનિયાના કોઈપણ દેશની સ્ત્રી કરતાં વધુ સમજદાર છે, વધુ ખમી ખાય છે, વધુ પ્રેમ વરસાવે છે અને વધુ પ્રેમ આપવાનું મન થાય તેવી છે. તેમના વિનાની જિંદગી શક્ય છે શું ? ભારતીય પુરૂષ તેને પામીને રળિયાત થઈ ગયો છે. પણ આ બધી ભૂમિકાઓ નિભાવતા અને સાથે પોતાનો વિકાસ પણ કરતા જવામાં તેને પ્રચંડ શારીરિક - માનસિક પડકારો ઝીલવા પડે છે અને તે જ તેના સ્ટ્રેસનું કારણ છે.

આનો ઉપાય શો ?

કદી એવું માનવું નહીં કે આપણામાં શક્તિ નથી. એક ગૃહિણી આખા પરિવારની ધરી હોય છે. પરિવારનું પોષણ, સંતાનોનું ઘડતર, સંબંધોની માવજત શું શક્તિ વગર થાય છે ? કોઈ ગમે તે કઈ, ગમે તે માને તે તેની સમસ્યા છે. તેની પરવા ન કરો. ગર્વથી કહો, હું હાઉસમેકર છું. હા, પોતાને ચાર દીવાલોમાં બંધ ન કરી નાખો, દુનિયાના પ્રવાહોથી વાકેફ રહેતા, આત્મવિશ્વાસ કેળવતા તમને કોણ રોકે છે ?

દરેક સ્ત્રી પછી તે ગૃહિણી હોય કે વ્યવસાયી, તેણે પોતાની તાલીમ આપતા રહેવી જોઈએ. નવું નવું શીખો, સંજોગોને સમજો, રસ્તા કાઢતા થાઓ. નોકરી કરો છો ? સારું કામ કરો છો છતાં બૉસને કદર નથી ? પહેલા તો પોતાની કાબેલિયત વધારો. ત્યાર પછી પણ સ્થિતિ ન સુધરે તો બૉસ સાથે ચોખ્ખી વાત કરી લો. પછી પણ સમસ્યા હોય તો હિંમત કરીને જોબ છોડી દો. મહેનતું અને કાબેલ વ્યક્તિને કામ મળી જ રહે છે.

આર્થિક રીતે સ્વનિર્ભર છો, પણ ઘરમાં કદર નથી ? જો કોઈ એવું કહે કે તમે સારી ગૃહિણી કે સારી મા નથી, તો મગજ ન ગુમાવો, રડવા ન બેસો. તેની આંખમાં આંખ નાખીને કહો કે પહેલાં હું કરું છું તેટલું કામ કરી જુઓ, પછી મારી ટીકા કરો. બેવડી જવાબદારીનો ભાર ન રાખો. બધામાં એ પ્લસ ગ્રેડ મેળવવાનો ભાર ન રાખો. પરીક્ષામાં પણ ૧૦૦ ટકા માર્કસ મળતા નથી. ચાર વસ્તુ ન રાંધી શકો તો ચાલે. એક કે બે પૌષ્ટિક વાનગીઓથી પણ પેટ ભરાય છે અને આરોગ્ય સચવાય છે.

અડધી રાત સુધી જાગીને કામ કરવાની જરૂર નહીં. પ્રમોશન મોડું મળે કે ન પણ મળે તો વાંધો નહીં. મૃત્યુ વખતે કોઈ તમને તમારું પદ પૂછવા આવવાનું નથી. સ્પર્ધામાં તો ઊતરવું જ નહીં. કોઈ દેખાવમાં સારું હોય, કોઈ વ્યવસાયમાં આગળ હોય, કોઈ પતિને છ ડબ્બાનું ટિફિન બનાવી આપતું હોય તેમાં તમારે કોમ્પલેક્સ લેવાની જરૂર નહીં. જાત પાસે વધારેપડતી અપેક્ષા

અનુસંધાન પાના નં. ૧૬ પર

શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

**ટ્રેનમાં ભોજન, નાસ્તો, ચા-કોફી ઈ.**

અમલનેર (જી. જલગામ) સ્ટેશન પર સવાર-બપોર-રાત્રે ઘરે તૈયાર કરેલ ભોજન ઈત્યાદિ સપ્લાય કરીશું. ૫૦ થી વધુ પ્રવાસીઓના ગ્રુપને પણ ઉત્તમ ક્વોલિટીનું સ્વાદિષ્ટ ઘરે બનાવેલ ભોજનની સુવિધા પૂરી પાડવાનો અનુભવ ધરાવનાર.

કોઈ પણ સંખ્યાના યાત્રી-પ્રવાસીઓની સગવડ સાચવીશું.

સંપર્ક : 094 200 80 799

# સ્માર્ટફોન જોડેનું 'બંધન' જ્યારે દર્દ કા રિશ્તા બને !

એક તાજા સર્વેક્ષણ મુજબ સરેરાશ ભારતીય રોજના ૩ કલાક અને ૧૮ મિનિટ જેટલો સમય પોતાના સ્માર્ટફોનનું ઓપરેટિંગ કરવામાં વીતાવે છે. આ સમયગાળા દરમ્યાન તે વાર્તાલાપ, મ્યૂઝિક તથા વિડિઓ પ્લેયર, ફેસબુક, ઈન્ટરનેટ બ્રાઉઝિંગ, ઈ-મેલ, વિડિઓ ગેમ, કેમેરા તેમજ ટકસ્ટ મેસેજિંગ વગેરે સુવિધાઓનો ઉપયોગ કરે છે.. અને એ માટે દિવસભરમાં સરેરાશ ૧૫૦ વખત પોતાના સ્માર્ટફોનનો સ્ક્રીન ઓન કરે છે. જુદી રીતે કહો તો દિવસમાં એટલી વાર પોતાના સ્માર્ટફોનને હાથમાં લઈ જે તે સુવિધાનો લાભ લે છે.

સરેરાશ ભારતીયનો તે રોજિંદો ક્રમ છે, જેનું જાણે-અજાણે પાલન કરતી વખતે મોટા ભાગના લોકો એ વાતે ગાફેલ રહે છે કે દૈનિક ધોરણે કરાતું સ્માર્ટફોનનું વધુ પડતું ઓપરેટિંગ શરીરના વિવિધ અંગો પર રીતસરનું ટોર્ચર વીતાવી રહ્યું છે. ટોર્ચરની માત્રા ભલે નજીવી જણાતી હોય, પરંતુ એવો ત્રાસ દરરોજ ગુજારાતો રહે ત્યારે શરીર જવાબ આપ્યા વિના રહેતું નથી. હાથની આંગળીઓમાં, કાંડામાં, કોણીમાં, ખભામાં, ગરદનમાં તેમજ કમરમાં કળતર થવું. આંખોમાં પાણી ઝમ્યા કરવું, સાંજ પડ્યે બળતરા થવી અને ડોળામાં દુખાવો ઉપડવો વગેરે પૈકી એકાદ-બે તકલીફો સાથે પછી તો રોજિંદો પનારો પડે છે. આને સ્માર્ટફોનની સાઈડ ઈફેક્ટ્સ ગણો યા અભિશાપ કહો, પણ તેનો પરચો સરેરાશ મોબાઈલ ધારકને વહેલોમોડો મળ્યા વિના રહેતો નથી. આનું કારણ વિગતે તપાસવા જેવું છે. પરંતુ એ પહેલાં થોડુંક બેકગ્રાઉન્ડ વાંચો, કેમ કે કારણનું મૂળ તેમાં રહેલું છે.

આજથી બાર-પંદર વર્ષ પહેલાં મોબાઈલ ફોન માત્ર વાર્તાલાપ ચલાવવા માટેનું સામાન્ય ઉપકરણ હતું. આજે છે તેવાં અવનવાં ફીચર્સ તેમજ એપ્લિકેશન્સ તેમાં નહોતાં, એટલે સરેરાશ વ્યક્તિ માટે મોબાઈલ ફોનના વપરાશની અવધિ મર્યાદિત હતી. એવરેજ વાર્તાલાપ માંડ થોડીગણી મિનિટો ચાલે, જે પૂરો થયા પછી બાકીનો તમામ સમય ફોન ખિસ્સામાં, પાકીટમાં યા દફતરમાં 'સુષુપ્તાવસ્થામાં' પડી રહેતો. ટૂંકમાં, સામાન્ય કોર્ડલેસ ફોન અને મોબાઈલ ફોન વચ્ચે (કદ સિવાય) ખાસ તફાવત નહોતો. આ તફાવત મિટાવી દેતો બદલાવ ત્યારે આવ્યો કે જ્યારે ૨૦૦૭ ની સાલમાં અમેરિકાની એપલ કંપનીએ ટચ-સ્ક્રીનવાળો સૌપ્રથમ સ્માર્ટફોન (iPhone) બજારમાં મૂક્યો. આ ફોનના આગમન પહેલાં બધા જ મોબાઈલ ફોનના ડિસ્પ્લે સ્ક્રીન્સ માચીસની પેટી જેવડા હતા, કેમ કે સ્ક્રીનમાં ફોન નંબર તેમજ એસ.એમ.એસ. સંદેશા સિવાય બીજું કશું જોવાનું હતું જ નહિ. વળી હેન્ડસેટની ઘણીખરી જગ્યા ટાઈપિંગ માટેનું કી-પેડ રોકી લેતું હતું, એટલે સ્ક્રીનના ફાળે મિનિમમ જગ્યા રહેતી હતી. આની સામે એપલના iPhone માં કી-પેડ (આજે મોટા ભાગના સ્માર્ટફોનમાં હોય તેવું) ટચ પ્રકારનું હતું. પરિણામે ડિસ્પ્લે સ્ક્રીન ખાસ્સો મોટો બન્યો. પહેલી વાર એવું થયું કે મોબાઈલ ફોન બોલવાના-સાંભળવાના માધ્યમ ઉપરાંત જોવાનું પણ સાધન બન્યો. અને સાચું પૂછો તો ખરી મોકાણ એ પછી જ શરૂ થઈ. શું બન્યું તે જુઓ.

એપલ iPhone ના પગલે નવો જમાનો ભપકાદાર ડિસ્પ્લેવાળા સ્માર્ટફોનનો આવ્યો અને લોકોનો વધુ સમય પોતાના હેન્ડસેટની સ્ક્રીન પર નજર માંડવામાં વીતવા લાગ્યો. અવનવાં ફીચર્સ, એપ્લિકેશન્સ તથા ગેમ્સના આગમન પછી તો સ્ક્રીન જોડે આંખોનો નાતો ઓર ગાઢ બન્યો. ઈ-મેલ લખતી તેમજ વાંચી વખતે, વીડિઓ જોતી વખતે, ઈન્ટરનેટ બ્રાઉઝિંગ વખતે, વીડિઓ ગેમ રમતી વખતે અને મિત્રો-સંગો જોડે ચેટ (ગોટપીટ) કરતી વખતે ફોનધારકની નજર મિનિટો યા કલાકો સુધી તેના મોબાઈલના સ્ક્રીન પર મંડાયેલી રહેવા લાગી. સ્માર્ટફોન વધુ ને વધુ સ્માર્ટ બનતો ગયો અને તેના ઉપયોગોનું લિસ્ટ લંબાતું ગયું તેમ વપરાશના કલાકો વધવા લાગ્યા. એક સમયે વધુ ભાગે ખિસ્સામાં પડી રહેતા મોબાઈલ ફોનનું હવે નવું ઠેકાણું મળ્યું : હાથની હથેળી !

આ ક્રાંતિકારી પરિવર્તન હતું, જે આજે ભ્રાંતિકારી લાગી રહ્યું છે. કારણ પૂછો તો એ કે સ્માર્ટફોનની છૂપી સાઈડ ઈફેક્ટ્સ


**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ. સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com



**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

સાડીઓ - ચણીયાચોળી - ઘરચોળા - બોર્ડરો પાનેતર - બાંધણીઓ
મનભાવન ડીઝાઈનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

**ઝવેરીબજાર શાખામાં સેમ્પલ સાડીઓનું ક્લીયરન્સ ચાલુ છે.**

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨.
Tel. : 22413995 / 22402786
૨૮, ગની મેન્શન, શૉપ નં. ૧, અરોરા થિયેટરની પાછળ,
માટુંગા (સે.રે.) કિંગ્સ સર્કલ, મુંબઈ -૧૯.
ફોન : 2404 3995 / 93222 58574

આજે લાખો લોકોને વસમી પડી છે. કેવા પ્રકારની શારીરિક તકલીફોનો તેઓ શિકાર બન્યા તે વાંચો.



**આંખોની લઘુદૃષ્ટિ :** દેશના વિવિધ શહેરોમાં થોડા મહિના પહેલાં હાથ ધરાયેલા સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યું તેમ ૧૮ થી ૩૦ વર્ષની વયના છોકરા-છોકરીઓ પૈકી અનેક જણાને આજે myopia/લઘુદૃષ્ટિની ખામી છે. ચશ્માં તેમને માટે ફરજિયાત બન્યાં છે. માન્યું કે તે માટે એક કરતાં વધુ કારણો જવાબદાર હોઈ શકે, પરંતુ મોબાઈલ ફોનના વધુ પડતા ઉપયોગને લગતી ચર્ચા કરવા બેઠા છીએ તો એ સંદર્ભે કેટલાક મુદ્દા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણે સમજવા જેવા છે.

પુસ્તક, સામાયિક યા અખબાર હાથમાં પકડીને વાંચો ત્યારે આંખોથી તેમનું અંતર સામાન્ય રીતે ૪૦ સેન્ટિમીટર (૧૬ ઈંચ) કરતાં વધુ હોતું નથી. નેત્ર ચિકિત્સકોના મતે એ સ્થિતિ આંખો માટે હાનિકર્તા સાબિત થઈ શકે છે, કેમ કે માનવઆંખ વધુ પડતું નજીકનું દૃશ્ય જોવાને ટેવાયેલી નથી. મોબાઈલને 'સેફ ડિસ્ટન્સ' કરતાં લગભગ અડધા અંતરે રાખવામાં આવે ત્યારે આંખને દૃશ્યના ફોકસિંગમાં તકલીફ જણાય છે. દૃશ્ય સહેજ ધૂંધળું દેખાય છે. આંખોમાં બળતરા થાય, ચળ આવીને સતત પાણી ઝમ્યા કરે અને માથામાં દુખાવો ઉપડે એવું પણ બને. આમ થવાનું બીજું કારણ એ પણ ખરું કે સ્માર્ટફોનનો સ્ક્રીન અક્ષરોને બારીક કદમાં દર્શાવે છે, માટે તેમને વાંચવામાં આંખોને વધુ શ્રમ પડે છે. ત્રીજું સંભવિત કારણ : સ્માર્ટફોનનો સ્ક્રીન સફેદ પ્રકાશે એકધારો ઉજળતો હોય છે. લાંબો સમય સ્ક્રીન સામે મંડાયેલા ડોળા માટે તે પ્રકાશ ત્રાસદાય નીવડે છે. વળી સ્ક્રીન પર દૃશ્યો બદલાતાં જાય તેમ પ્રકાશની માત્રામાં દર થોડી ક્ષણોએ બદલાવ આવ્યા કરે છે, માટે આંખની કીકીએ પ્રકાશની વધઘટ મુજબ વખતોવખત એડજેસ્ટમેન્ટ કરતા રહેવું પડે છે. નેત્રપટલ પર લગભગ ૧૨.૫ કરોડ નેત્રકોષો છે, જેઓ પ્રકાશનાં કિરણો પ્રત્યે સંવેદનશીલ છે. દૃશ્યકિરણોના સ્વરૂપે આવેલી માહિતી સાથે કામ પાડવા તેઓ સેકન્ડદીઠ ૧૦ અબજ 'ગણતરીઓ) કરે છે! દરેક ગણતરીઓનો ક્રમ લાંબો સમય અને વળી એકધારો ચાલ્યા કરે તો સરવાળે આંખોને થકાવટ જણાયા વિના રહેતી નથી.

પૂરક મુદ્દો : બ્રિટનના જાણીતા નેત્ર ચિકિત્સાલય ફોકસ ક્લિનિક્સના સ્થાપક ડેવિડ એલમ્બીના જણાવ્યા મુજબ સ્માર્ટફોનના આગમન પછી બ્રિટનમાં લઘુદૃષ્ટિના કેસમાં ૩૫% વધારો નોંધાયો છે. સરેરાશ બ્રિટિશ રોજના ચારેક કલાક પોતાના સ્માર્ટફોન જોડે વ્યસ્ત રહે છે એ હકીકત જોતાં ડેવિડ એલમ્બીનું અનુમાન છે કે લઘુદૃષ્ટિના કેસમાં આગામી દસકા દરમ્યાન ૫૦%નો વધારો નોંધાય તો નવાઈ નહિ. લઘુદૃષ્ટિની તકલીફને તબીબી ભાષામાં myopia અને સરળ અંગ્રેજીમાં near-sightedness કહે છે, પરંતુ ડેવિડ એલમ્બીએ તેનું પાડેલું નવું નામ છે screen-sightedness મોબાઈલ ફોનની સ્ક્રીનને માટે કસૂરવાર ગણતા હો તો નામ બંધબેસતું છે.



**ગરદનમાં દુખાવો :** પુખ્ત વયની સરેરાશ વ્યક્તિના મસ્તકનું વજન ૪.૫ થી ૫.૪ કિલોગ્રામ જેટલું હોય છે. વધુ યોગ્ય રીતે કહો તો વ્યક્તિ જ્યારે ટટ્ટાર પોઝમાં ઊભી (યા બેઠી) હોય અને મસ્તક પણ બિલકુલ ટટ્ટાર હોય ત્યારે એટલું વજન ગરદનની કરોડરજ્જુના મણકાઓને વરતાય છે. ટટ્ટાર મસ્તકને સહેજ આગળ તરફ નમાવો ત્યારે તેને ગુરુત્વાકર્ષણનું ખેંચાણ વરતાવા લાગે છે અને ગરદનના મણકાને અનુભવાતું મસ્તકનું વજન વધવા માંડે છે. મસ્તકને આગળ તરફ માત્ર ૧૫ અંશ ઝૂકાવો ત્યારે મણકાએ ૧૨.૨૪ કિલોગ્રામનો બોજો સહેવાનો થાય છે. વધુ પંદર અંશનો ફોરવર્ડ ઝોક મસ્તકનું વજન ૧૮ કિલોગ્રામ કરી મૂકે છે.. અર્થાત્ ડોકના મણકાએ એટલું વજન ઝીલવું પડે છે. આ હિસાબે માથું ૬૦ અંશના ખૂણે ઝૂકાવેલું હોય ત્યારે લગભગ ૨૭.૨ કિલોગ્રામનો ભારેખમ બોજો ગરદને ખમવાનો વારો આવે છે. આને ટોર્ચર નહિ તો બીજું શું કહો?

માનો યા ન માનો, પણ આવું ભયંકર ટોર્ચર કરોડો મોબાઈલ ધારકો રોજિંદા ધોરણે તેમની ગરદનને આપે છે. સ્માર્ટફોનનું ઓપરેટિંગ કરતી વેળાએ તેમની ગરદન સ્ક્રીન તરફ ૪૫ થી ૬૦ અંશના ખૂણે નમેલી રહે છે. આ ખામીભર્યા પોઝમાં રોજના બે થી ચાર કલાક તેઓ ફોનનું ઓપરેટિંગ કરતા હોય અને તે હિસાબ લેખે ગરદને વાર્ષિક સરેરાશ ૭૦૦ થી ૧,૪૦૦ કલાક ભારે બોજતળે ભીંસાવાનું થતું હોય તો આખરે ન બનવાકાળ બનવું રહ્યું. મસ્તકના વજનને લીધે કરોડરજ્જુના


શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

ગરદન પાસેના મણકાઓમાં જે સંકડાશ પેદા થાય તે એટલા ભાગમાં પસાર થતાં જ્ઞાનતંતુઓ તેમજ સ્નાયુઓ પર એકધારું પ્રેશર સર્જે છે. સ્નાયુઓ જકડાઈને શિથિલ બને છે અને તેમાં અસહ્ય દુખાવો ઉપડે છે. આ અવસ્થાને ફર્સ્ટ વોર્નિંગ સમજીને ચેતી ગયા તો ઠીક, નહિતર મામલો ઓર બિચકી શકે છે.

**હાથમાં કળતર :** કરોડરજ્જુના દર બે મણકા વચ્ચે નરમ, સ્થિતિસ્થાપક ગાદી આવેલી છે, જેને ચાહો તો બે મણકા વચ્ચેનું બફર કહી શકો. મણકાની પરસ્પર ‘અથડામણ’ તેને કારણે થતી નથી. ગરદનને લાંબો વખત ઝૂકેલી રખાય ત્યારે મણકાના પાછલા ભાગેથી ગાદી આસ્તે આસ્તે બહાર આવે છે. (વેજિટેબલ બર્ગરને બટકું ભરવા માટે તેના બ્રેડને અગ્રભાગે સહેજ દબાણ આપતાં ટમેટાં, કાકડી તેમજ કટલેટ વિરુદ્ધ દિશામાં સરકે એ રીતે!) આમ, ગરદન પર વધુ પડતું અને વધુ પડતા સમય માટે આવતું દબાણ ક્યારેક slip disc માં પરિણામે છે. આ સ્થિતિ એ જ કે જેને આપણે સરળ ભાષામાં ‘ગાદી ખસી જવી’ કહીએ. ખરેખર તો ગાદી પોતે ખસતી નથી, બલકે તેમાં રહેલું જેલી જેવું અર્ધપ્રવાહી બહાર નીકળી આવે છે અને કરોડરજ્જુના જ્ઞાનતંતુઓ પર દબાણ સર્જે છે. અહીંથી પસાર થતી બારીક નસો દબાય અને તેને કારણે રક્તપ્રવાહ રૂંધાય ત્યારે ખભા, કોણી, કાંડા તેમજ આંગળીઓમાં બ્લડ સપ્લાય ઘટે છે. ખાલી ચડ્યાનો અહેસાસ કરાવતી ઝણઝણાટી એ બધા અંગોમાં વરતાય છે. સ્નાયુઓ વધુ ઓછે અંશે numb/બધિર બને છે અને તેમાં સહી ન શકાતો દુખાવો થાય છે.

પંજામાં, કાંડામાં તથા કોણીમાં દુખાવો ઉદ્ભવવાનું વધુ એક કારણ એ પણ ખરું કે સ્માર્ટફોન પર મિત્રો-સગાં જોડે Whatsapp જેવી એપ્લિકેશનની મદદથી ચેટિંગ કરતી સરેરાશ વ્યક્તિ તેના કાંડાને લગભગ અજાણપણ છતાં ઘણો લાંબો સમય ફોનના કી-બોર્ડ પર ટેકવેલાં રાખે છે, જેને લીધે પંજા સતત ઉપર તરફ વળેલાં રહે છે. આ પોઝિશન કાંડાના ભાગમાં પસાર તથાં જ્ઞાનતંતુઓ અને સ્નાયુઓ પર ખાસ્સું પ્રેશર આપે છે. મહિનાઓ કે વર્ષો પછી સાંધાનો એ હિસ્સો જકડાય છે અને ત્યાં કળતર શરૂ થાય છે. પંજાની જેમ કોણીમાં પણ લાંબે ગાળે એવો જ ઘાટ સર્જાય છે. ફોનના ઓપરેટિંગ વખતે હવામાં અદ્ધર એકધારી ‘લટકતી’ રહેતી કોણીનો મિજાગરો કમજોર પડે છે. પરિણામ ? સણકા મારતા દુખાવા સિવાય બીજું શું?

હથેળીમાં સમાઈ જાય એટલા કદનો અને માંડ સો-સવાસો ગ્રામ વજનનો સ્માર્ટફોન શરીરને કેટકેટલી હદે નુકસાન કરે છે! આમ છતાં સ્માર્ટફોન વાપરનારા મોટા ભાગના લોકો આવી બધી હકીકતોથી અજાણ છે. પરિણામે ઉપર વર્ણવેલી એકાદ-બે વ્યાધિની શિકાર બને છે. મોબાઈલ ફોનના ક્ષેત્રે સર્જાતી ક્રાંતિને હવે તો રોકી શકાય તેમ નથી, બલકે ક્રાંતિનું વાવાઝોડું ઓર જોરમાં ફૂંકાતું જણાય છે. આ સંજોગોમાં મોબાઈલ ફોન વિના ચલાવી લેવું તો બેશક અઘરું છે. પરંતુ ઉપર જે વ્યાધિઓ લખી તેમાંથી બચવું હોય તો સહેલા માર્ગ પણ છે. મુખ્યત્વે આટલા-સ્માર્ટફોનને આંખોથી મિનિમમ ૩૦ સેન્ટિમીટર (એકાદ ફૂટ) દૂર રાખો, એકધારું ઓપરેટિંગ બને ત્યાં સુધી ટાળો, ઓપરેટિંગ દરમ્યાન કોણીને ક્યાંક પણ ટેકવેલી રાખો અને હંમેશાં યાદ રાખવા જેવી છેલ્લી વાતઃ મસ્તકને શક્ય તેટલા ટટ્ટાર પોજમાંજ રાખો.

### વધારીયેં ગામજો ગૌરવ

(ભલેં વિનધા રોજા ભાવર પિંઢજે ગામ...)

કીં ભુલેં માદરે વતન... ? જુકો દર વરે વિને પિંઢજે ગામ
ને ઉત્સુક થૈ ઉજવીયેં ભાવથી, પર્યુષણ પર્વ વડે ધૂમ-ધામ
ગામ કેડાં ને વસેં કેડાં, તોચ પંજુષણમેં પુજી વિને ન્યાર
ઈજ ઈનીજો પિંઢજે ગામતેં, આય ખરો પ્યાર
કેતરાક ત પિંઢજો કમ, બેકે સોંપેને પણ વિને પિંઢજે ગામ
ધન્ય ! ઈની ગામ વાસીંયેં કે, જેંજી નશ નશમેં વસે ગામ
વરે-વરે ગામમેં વિનેને, ગામમેં ભરાજે મિઠ્ઠો દરબાર
નિંઢા વઠ્ઠા મિળે વિને, જેંજી તમન્ના ને રાજીપો ભારોભાર
પંજુષણજા અઠ્ઠડીંયેંમેં, ડિસજે ઈનીજો ગામતેં લગાવ
સપને જે ધીજા ચડાવા કરીયેંને, પાડીયેં ધર્મજો પ્રભાવ
સાધુ-સાદવીએંજા ચોમાસાને, વૈયાવચ્ચ કરીયેં પારાવાર
વ્યાખ્યાન સુણે ભાવથી, ને તપસ્યાંઉં કરીંયેં લગાતાર
પ્રભાવનાંઉ ત એળીયું કરીંયે, જેમેં ડેસાંજે સદ્ભાવનાને સંસ્કાર
ઈ અઠ્ઠ ડીંયેજો એળો માહૌલ, જાણે ભગવાન આયા ન્યાર
ખીલી ખીલી મિળે ચેં, અચીંધા રોબો ગામ અવાર નવાર
ગામજે કમલા ને ગામજે વિકાસલા, અસીં અંયું તૈયાર
ભલેં વિનધા રોજા પિંઢજેગામ, હિલી-મિલી કજા ગામજો વિકાસ
‘રશ્મિન’ ચેં ગામકે આદર્શ ગામ ભનાય, પાડીજા ગામ પ્રકાશ

-રશ્મિન ખોના (મોટા ભાડીયા)

## લગ્ન સંબંધી

દંડ પરિવારની મુંબઈ સ્થિત હાઈટ ‘૫’ બોર્ન એપ્રિલ ‘૯૧’ B.E.(Comp.) MNC Job ધરાવતી યુવતીને માટે સમકક્ષ ભણેલા યુવકના વડિલો સંપર્ક કરે. મો.: 98208 52580


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

વિવિધ પરીક્ષાના પરિણામો આવવા શરૂ થઈ ગયા છે. આપણા મોટા ભાગના વિદ્યાર્થીઓએ સારા પરિણામો મેળવ્યા છે. ખૂબ અભિનંદન. હવે સારી કારકીર્દી પસંદ કરીને જીવનમાં પણ સફળ થાય એવી ભાવભરી શુભકામના...
તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

### ચીન સાથે થયેલા ૨૨ અબજ ડોલરના કરાર માં પણ ગુજરાત અને કચ્છ છવાયા : કચ્છને વધુલાભ

- ભારતી એરટેલ અને ચીની બેન્ક વચ્ચે અઢી અબજ ડોલરની ક્રેડિટ માટે જોડાણ.
- અદાણી જૂથ અને ગોલ્ડન કોન્ફાર્ડ વચ્ચે મુંદરા સેઝમાં ઔદ્યોગિક પાર્ક માટે કરાર.
- અદાણી અને ગુઆંગઝો બંદર વચ્ચે 'સિસ્ટર પોર્ટ રિલેશનશિપ'ની સમજૂતી.
- આઈએલ એન્ડ એફસેસ અને આઈસીબીસી વચ્ચે નાના લાયજામાં ૪૦૦૦ મે.વો. ઊર્જા ઉત્પાદનના કરારઃ
- આઈસીબીસી આ કરાર તળે ૩ અબજ ડોલર સુધીનું રોકાણ કરશે.
- જિંદાલ અને વેલસ્પનનાય કરાર
- ગુજરાતમાં ઈન્ડસ્ટ્રિયલ પાર્કની સમજૂતી
- સાંઘી સિમેન્ટ અને ચીની કંપની વચ્ચે વીજ ઉત્પાદનના એમઓયુ
- કંડલા બંદરે લોજિસ્ટિક પાર્ક

ગુજરાતના મુખ્યપ્રધાન આનંદીબેન પટેલે મોદી સાથેની ચીન યાત્રામાં બીજિંગમાં ચાયના એસોસીયેશન ફોર સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝના અગ્રણીઓ સાથે વન ટુ વન બિઝનેસ મિટિંગનો દોર ચલાવ્યો હતો, જેમાં ઘણી ચાયનીઝ કંપનીઓના સંચાલકોએ ઉપસ્થિત રહી ઉમળકાભેર પ્રતિસાદ આપ્યો હતો. મુખ્યપ્રધાનની ઉપસ્થિતિમાં સાથે કરાર પર હસ્તાક્ષર થયા હતા. આવા જ એક મહત્વપૂર્ણ કરાર હેઠળ અદાણી પોર્ટસ અને વિશેષ આર્થિક ક્ષેત્ર (સેઝ) અને ચીનના ગુઆંઝો પોર્ટના સત્તાધીશો મુંદરા, બંદર અને ગુઆંઝો બંદર વચ્ચે 'ભગિની બંદર ભાગીદારી' (સિસ્ટર પોર્ટ રિલેશનશિપ) સ્થાપવા સહમત થયા હતા.

કચ્છ માટે વધુ અનેક મહત્વના સમજૂતી કરારમાં નાના લાયજા થર્મલ પાવર (કોલસા) યોજનામાં સાધનને પૂરા પાડશે.

જે સમજૂતી કરાર સંપન્ન થયા તેમાં ઇન્ડેક્ષ્ટ-બી અને ચાઈના મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ ઈન્વેસ્ટમેન્ટ લિ. વચ્ચે થયેલા ઓમઓયુ અંતર્ગત ગુજરાતમાં ૨૦ ચો.કિ.મી વિસ્તારમાં નવા સ્માર્ટ સિટીની સ્થાપના કરવા સીએસએમઈઆઈએ રૂા. ૧૯,૦૦૦ કરોડનું મૂડીરોકાણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. ઈન્ડેક્ષ્ટ-બી અને ગ્વાંગડોંગ રીચવુડ ગ્રુપ વચ્ચે પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માર્ટ એમઓયુ કરવામાં આવ્યા હતા જે અંતર્ગત શક્યતા ચકાસણી બાદ ગાંધીનગર ખાતે હોસ્પિટલિટી અને ટૂરિઝમ ઈન્ફાસ્ટ્રચર, સુરત ખાતે ટ્રાન્સપોર્ટ ઇન્ફાસ્ટ્રકચર, પ્રોજેક્ટ્સ અને કંડલા પોર્ટ અને દહેજ પીસીપીઆઈઆર પાસે લોજિસ્ટિક પાર્કસ પ્રોજેક્ટ્સ સ્થાપવામાં આવશે.

### દુકાળના વર્ષમાં શિયાળુ પાક લઈ અબડાસાના ખેડૂતો ઘઉંમાંથી ૧૦ કરોડ કમાયા

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા કોઠારા ખાતે ઘઉં ખરીદ કેન્દ્રમાં ઘઉં ખરીદીને સારો પ્રતિસાદ સાંપડ્યો છે. ગત તા. ૧૮-૩થી કાર્યરત ખેડૂતોની ખેતપેદાશ (ઘઉં)ની રૂા. ૧૪.૫૦ પ્રતિ કિ.ગ્રા.ના ભાવથી ખરીદી કરવામાં આવે છે. અત્યાર સુધી ૧.૩૦ હજાર બાચકાની આવક સામે ગત તા. ૧૨-૫ સુધી ૬૦૦ ખેડૂતોને રૂા. ૧૦ કરોડથી વધુ રકમનું ચૂકવણું કરવામાં આવ્યું છે.

વર્ષ અછતનું હતું તેમ છતાં ખેડૂતોએ રવીપાક પર પસંદગી ઉતારી હતી. રવીપાક પિયત એવા વિસ્તારમાં ઘઉંનુ મબલખ વાવેતર કર્યા પછી ઘઉંનો ફાલ પ્રમાણમાં સારો ઊતરવાની સાથે ઘઉં વેચાણની ટેકાના ભાવે ખરીદીનો કોઠારા ખાતે ખરીદ કેન્દ્ર કાર્યરત થતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહ્યા છે.

– સંકલન લબ્ધિ મોમાયા – ગાંધીધામ

---

### વનિતા વિશ્વ પાના નં. ૧૨ થી ચાલુ

રાખવી નહીં.

શાંત રહો, હળવા રહો, ખુશ રહો, પોતાને કહો, તું સુંદર છે, તું શ્રેષ્ઠ છે, તને શાંતિ અને આનંદનો હક છે. જે કોઈ તારી પાસેથી આ અધિકાર છીનવી લે તેને છોડી દેવાનો પણ તને હક છે.

તારો જન્મ બધાને ખુશ કર્યા કરવા માટે નથી થયો. તારો જન્મ તારી પાસે જે સારું છે તે વિશ્વને આપવા માટે થયો છે. તારે મોસ્ટ સ્ટ્રેસફૂલ નહીં, હૅપીએસ્ટ બનવાનું છે.

– સોનલ પરીખ

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## સખી વૃંદ - પુના

સખી વૃંદ - પુનાની મિટીંગ તા. ૧૧ એપ્રિલના ભાવનાબેન શિયાળે યોજેલ. વિષય હતો ધરતીમાના જીવડાઓની મદદથી ભીના કચરામાંથી ખાતરનું ઉત્પાદન [Vermiculture & Vermicomposting] જે ઈનોરા સંસ્થાના સભ્ય શ્રી આત્રેના ઘરે યોજાયેલ. આ સંસ્થા રસાયણ મુક્ત ખાતરનું ઉત્પાદન તથા ખેતી કરે છે. ઉપરી શ્રી નૂતન ભાજેકર, અનુરાધા ગાને પધારેલ જેમણે રસાયણ મુક્ત ખેતી તથા સજીવ ખાતરનું મહત્વ શું છે એ વિષે સંપૂર્ણ માહિતી આપી. આપણે સૌએ ભીનો કચરો અને સૂકો કચરો અલગ કરવો જ જોઈએ એ બાબત પર એમણે ખાસ ભાર મૂક્યો. એ સંદર્ભે જણાવ્યું કે રસોડાનો શાકભાજી વગેરેનો કચરો અને કુદરતી જીવડાઓની મદદથી ઉત્તમ તેમજ રસાયણ મુક્ત ખાતર તૈયાર થઈ શકે છે. તે ખૂબજ ઉપયોગી છે એવું ખાતર વાપરવાથી ફળ ફૂલ શાકભાજી તથા અનાજ વગેરે આરોગ્યપ્રદ, રસાયણ મુક્ત પેદા થાય છે. વધારામાં કચરાનો યોગ્ય નિકાલ થાય છે.

આ સર્વેના ફાયદા શ્રી નૂતન, શ્રી અનુરાધાજીએ વિડિઓ દ્વારા કરેલ. એમના બગીચામાં સભ્ય બહેનોએ પ્રત્યક્ષ પણ નિહાળ્યું.

ઉપરાંત રસાયણોના કારણે કેન્સર, ડાયાબીટીસ, બ્લડપ્રેસર વગેરે બીમારીઓ વધી છે પંજાબમાં થયેલ સંશોધન મુજબ ૭૦% બાળકો ૧૮ વર્ષની ઉંમર સૂધી બિનતંદુરસ્ત રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. એનું મુખ્ય કારણ વધુ પડતા રસાયણોનો ખેતીમાં થતો ઉપયોગ.

ભાવાનાબેને ખરેખર સુંદર તથા ઉપયોગી વિષય પસંદ કરેલ. એમણે ખાસ સંદેશ આપેલ કે ''કચરો એ કચરો નથી સાધન છે.'' ભાવનાબેને શ્રી આત્રેને ભેટ આપી આભાર માન્યો.

વિવિધા શ્રેણી ૫ ના વિજેતા ગ્રુપ ૧ ના રીટાબેન ભાટે, હીનાબેન રતાણી, ગ્રુપ ૨ નહીનાબેન શાહ, ચંદ્રિકાબેન રતાણી ને ઈનામ અપાયા શ્રેણી ૫ માં સુખી કેમ થવું? શું કરવાથી તમને આનંદ મળે છે? ની લખવાની સ્પર્ધા યોજાઈ.

## પાસ થયા અભિનંદન



**નેહા મહેશ કાંતિલાલ મોતા**
જલગામ - કુવાપદ્ધર
**S.Y.B.Tech.**
**9.17 / 10** (Annual)



**શુભમ મહેન્દ્ર લાપસીયા**
દલતુંગી - ડોંબીવલી
**S.Y.B.Com.**
**72%**

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતાંબર ટ્રસ્ટ, ચાલીસગામ : સાધુ-સાધ્વી વૈયાવચ્ચ

ચાલીસગામ નગરે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતાંબર ટ્રસ્ટની બહેનો ચાલીસગામ પધારતા તમામ ફિરકાના પૂજ્ય સાદુ-સાધ્વીજી ભગવંતોની સેવા વૈયાવચ્ચનો સુંદર લાભ લે છે. સંયમ આરાધનાના ઉપકરણોથી સુંદર ભક્તિ કરે છે. આ વર્ષે બેંગલોરના પાત્રાનો સારો એવો લાભ ટ્રસ્ટનો મળ્યો. બેંગલોરથી મંગાવેલા પાત્રાઓના પ્રથમ સેટનો લાભ માતુશ્રી જેતબાઈ તથા અ.સૌ. ચંપાબાઈ ની સ્મૃતિમાં શ્રી નરેશભાઈ જયચંદ નાગડા કોંપલવાળાએ લીધો તથા બીજા સેટનો લાભ માતુશ્રી મધુરીબાઈ સોનાવાલા (નલીયા) બેંગલોરવાળાએ લીધો. ટ્રસ્ટ એમના સહયોગની હાર્દિક અનુમોદના કરે છે.

## પાસ થયાના સમાચાર મોકલો : પરિણામો મોકલો.

શાળાંત, યુનિવર્સીટી, સ્નાતક ઈત્યાદિ પરીક્ષાઓમાં ઉતીર્ણ થયેલા જ્ઞાતિ વિદ્યાર્થીઓને પોતાના ફોટા, પરિણામ, વિશિષ્ટ ઉપલબ્ધિ (વિષય, બોર્ડ, શાળામાં રેંક વિગેરે) માહિતી મોકલવા અનુરોધ છે. ફોટોના કોઈ ચાર્જીસ નથી. કચ્છના મુળ ગામ તથા હાલના વસવાટની વિગતપણ સાથે મોકલશો જેથી લોકો બરાબરથી ઓળખી શકે.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## નયા / બદલાવેલા સરનામા - (પુરું નામ અને નવું સરનામુ મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શશીકાંત દેવચંદ વોરા (રંગપુર)** | ૨૦૧, ગણેશ દર્શન, ૨જે માળે, રાઈફલ રેંજ રોડ, જગડુશાનગર, જૈન મંદિરની સામે, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. મો. 93201 22207, 75068 82566 |
| **પંકજ કે. શાહ** | શીવજી તેજપાલ જીન કમ્પાઉન્ડ, સ્ટેશન રોડ, ચાલીસગાંવ - ૪૨૪ ૧૦૧. |
| **રાજેન્દ્ર રતીલાલ મોતા** | એ-૧, ૭૦૩, નીલયોગ એપાર્ટમેન્ટ, ૭મે માળે, ગૌરીશંકર વાડી નં. ૨, પંતનગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૫. મો. 98212 20026 |
| **ચેતન બીપીન ધરમશી** | ૭૦/૧, ૧લે માળે, શક્તિ લોન્ડ્રીના સામે, મુન્નેકોલાલા બસ સ્ટોપ પાસે, મુન્નેકોલાલા, મર્થાહલ્લી, બેંગલોર - ૫૬૦ ૦૩૭. કર્નાટકા. |
| **વિરેન્દ્ર ડી. નાગડા** | ફ્લેટ નં. બી-૪૦૩, યુનીક અપાર્ટમેન્ટ, પ્લોટ નં. બી-૧૦૬, સેક્ટર નં. ૨૩, બાબા બાર પાસે, સી-વુડ ડ્રાઈવ, નેરૂલ (ઈસ્ટ), નવી મુંબઈ - ૪૧૦ ૨૦૯. |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૨૦.૧૧.૧૪ | ડોંબિવલી | **ત્રીશા** / મિતલ જીગર ગીરીશ ધરમશી | રંગપૂર | પુત્રી |
| | | **સગપણ** | | |
| ૨૫.૫.૧૫ | મીરારોડ | **ઉદીત** સંતોષ ખેતશી ધરમશી | જખૌ | ૨૬ |
| | ડોંબિવલી | **દર્શના** કિશોર વિશનજી છેડા | સુથરી | ૨૪ |
| | | **આંતરજ્ઞાતિય સગપણ** | | |
| ૧૦.૫.૧૫ | ડોંબિવલી | **મેહુલ** ઊમરશી વિશનજી વિકમશી | કોઠારા | ૨૩ |
| | અંબરનાથ | **રીંકલ** અમરચંદ પ્રેમજી પાસડ | દેઢિયા | ૨૨ |
| ૨૫.૫.૧૫ | મુલુંડ | **અંકિત** મલીક લક્ષ્મીચંદ લોડાયા (જૈન) | મંજલ | ૨૭ |
| | ચેમ્બુર | **પૂજા** હીતેન્દ્ર પ્રવિણચન્દ્ર દૈયા | દુધઈ | ૨૭ |
| | | **આંતરજ્ઞાતિય લગ્ન** | | |
| ૧૦.૫.૧૫ | ડોંબિવલી | **શૈલેષ** નવીનચન્દ્ર મેઘજી શિયાલ | દલતુંગી | ૩૬ |
| | મલાડ | **શિતલ** વિનાયક ગોપાલ ચારુ | ગોવા | ૨૮ |
| ૧૫.૫.૧૫ | મસ્જીદબંદર | **કેવલ** લહેરચંદ હરશી લોડાયા | રાપરગઢવારી | ૨૪ |
| | ગ્રાન્ટરોડ | **કિંઝલ** સંજયભાઈ દોશી | વીજાપુર | ૨૪ |
| | | **છૂટાછેડા** | | |
| ૧૬.૪.૧૫ | મુલુંડ | **ચન્દ્રેશ** ભવાનજી (સોમચંદ) વેલજી લોડાયા | આરીખાણા | ૩૨ |
| | મુલુંડ | **એકતા** રાજેન્દ્ર આણંદજી ધરમશી | સુથરી | ૨૮ |
| | | **મરણ** | | |
| ૨૬.૫.૧૫ | ભાંડુપ | **અનિલ** વેલજી પદમશી લાપસીયા | દલતુંગી | ૪૪ |
| ૨૯.૫.૧૫ | રાયપુર | **કસ્તુરબાઈ** તીલકચંદ મોમાયા (ભઠારા) | નલીયા | ૭૨ |
| ૩૦.૫.૧૫ | સાયન | **મણીલાલ** રાયચંદ પાશ્વીર લોડાયા | ગદગ-સાંયરા | ૬૬ |

**ચર્ચા ને ચોતરે** પાના નં. ૮ થી ચાલુ

વસતિપત્રક સમિતિનાં બંધારણ મુજબ હાલની કમિટીની મુદ્દત ક્યારની પૂરી થઈ ગયેલ છે. એ બાબત પણ કોઈ પહેલ નથી, કે નથી જેનો ક્રમ છે તે એકમ આગળ અવતું કે નથી હાલનું એકમ આ બાબતમાં કંઈ કરતું!

હવે તો જાગો કે પછી વસતિપત્રક સમિતિના અંત પછી ખરખરો કરવા બેસશું. વસ્તીપત્રક સમિતિ એ લેટેસ્ટ સાધનો વસાવ્યા પણ લાગે છે કે આપણી મનોવૃત્તી તો જુનવાણી જ રહી છે.

એક જ્ઞાતિજન - મુંબઈ

## લાપસિયા અને શીયાલ પરિવારનું ગૌરવ



**કુ. દિશા હિમતલાલ લાપસિયા**

ગામ : દલતુંગી    હાલ : નાંદેડ (મહારાષ્ટ્ર)

C.B.S.E. Board માં 75%

થી ઊતીર્ણ થયા બદલ હાર્દિક અભિનંદન

લી.

દાદા-દાદી : સ્વ. લીલાધરભાઈ ગાંગજી લાપસિયા
શ્રીમતી લાખબાઈ લીલાધરભાઈ લાપસિયા
નાના-નાની : શા. શામજી પેથરાજ શીયાલ
અ.સૌ. સોનબાઈ શામજી શીયાલ

## હાર્દિક અભિનંદન



**અજય છાયા વિરેન્દ્ર લોડાયા**

H.S.C. માં 70%

ઉપર માર્કસ મેળવી પાસ થવા બદલ
હાર્દિક અભિનંદન
આગળ પણ અભ્યાસમાં અવ્વલ રહી કુટુંબ તથા
સમાજનું નામ રોશન કરશો એવી અભિલાષા

લી. માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી જીવરાજ લોડાયા
(નલિયા - મુલુંડ)

## હાર્દિક અભિનંદન

પવાર પબ્લિક સ્કુલ
ભાંડુપમાં
બીજા ક્રમે



સાયન્સ અને
કમર્શિયલ એપ્લીકેશન
વિષયોમાં
૯૯ માર્ક મેળવ્યા.

**ખુશ્બુ જીતેન હીરાચંદ નાગડા** (નલિયા- ભાંડુપ)

I.C.S.E. Board માં 97.16 % સાથે ઉર્તીર્ણ

ખિલવ્યું સફળતાનું ગૌરવદાયી ફુલ...
ચૌમેર ફેલે તારી ઉજ્વલ કારકીર્દીની ખુશબુ !

શ્રેષ્ઠ પરિણામ મેળવી સાર્થક કર્યો પુરુષાર્થ જીવનમાં સદાય આવા યશ-સફળતા મળતા રહે એજ આશીર્વાદ

દાદા-દાદી : મીના - હીરાચંદ રતનશી ખેતશી નાગડા (કાક્કા) - નલિયા
નાના-નાની : કસ્તુરી - દામજી નરશી સોની - વાંકુ

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ

જન્મ :
તા. ૧૭-૦૬-૧૯૩૪



સ્વર્ગવાસ :
તા. ૪-૦૬-૨૦૧૪

(જખૌ-કચ્છ) (ઘાટકોપર-મુંબઈ)

## સ્વ. ગુણવંતી ધનપતિ કાયાણી (ખોના)

**સુખ દુઃખમાં સદાય હસતા રહયા તમે, સૌના હ્દયમાં વસતા રહયા તમે,**
**હતા નજર સમક્ષ પાંપણ પલકારે તમે, મોક્ષ પામી ગયા, જીવન એવું જીવી ગયા તમે.**

કાશ્મિરા - જયરાજ ધનપતિ કાયાણી
સોનલ - સંકેત જયરાજ કાયાણી

ૐ

માસુમી - મિહીર સોમચંદ ધરમશી
જીનીત, હેમિત સંકેત કાયાણી

સમસ્ત કાયાણી પરિવાર

**M/s. R. K. KAYANI SHIPPING SERVICES PVT. LTD.**
**M/s. KAYSONS LOGISTICS**
**M/s. R. K. KAYANI WAREHOUSING SERVICES**

## ઝુકી તો જવાય ને :
### મનની નિર્મળ ભાવના

કાચીગુડા હૈદ્રાબાદથી શ્રી કુલપાક તીર્થ યાત્રા માટે સપ્ટેમ્બર ૨૦૦૬ થી દર મહિનાના પહેલા રવિવારે એક બસની વ્યવસ્થા શરૂ કરવામાં આવેલ. નકરો વ્યક્તિ દીઠ રૂા. ૫૦/- રાખેલ અને જે રકમ ભેગી થાય તે સંપૂર્ણ રકમ શુભકાર્યમાં વપરાય છે. જ્યારે બસના લાભાર્થી માટે રૂા. ૫૧૦૦/- રાખવામાં આવેલ.

ઉપરોક્ત યોજના હૈદ્રાબાદ-સિંકદરાબાદમાં અતિ લોકપ્રિય થઈ છે. બહારથી આવનાર ભાવિકો હૈદ્રાબાદ આવવાનો કાર્યક્રમ પૂર્વનિયોજિત કરી હૈદ્રાબાદ આવે છે અને આ યોજનાનો લાભ લે છે. ઘણીવાર જૈનેતર ભાવિકો પણ યાત્રામાં જોડાય છે.

ડિસેમ્બર ૨૦૧૦ સુધી આ યોજનાનું સંચાલન નિયમિત ચાલુ હતું જ. જન્યુઆરી ૨૦૧૧માં અહીંના શ્રી સંઘે આ યોજના માટે કાયમી સંઘપતિ થવા ઈચ્છુક શ્રાવક-શ્રાવિકા માટે ટહેલ નાખતાંની સાથે શ્રી ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા - મોટા લાયજા (હાલ મુંબઈ) તૈયાર થઈ ગયા. પોતાના માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલાના નામે શ્રી સંઘના શ્રી કુલપાક તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ બની ગયા.

કોઈ પણ ગાજાવાજા વગર કે ચડસાચાડસી વિના એમણે પોતાના મનની નિર્મળ ભાવના પ્રગટ કરી, આ જવાબદારી સ્વીકારી છે જેથી આ યોજના અવિરતપણે ચાલુ રાખવા શ્રી સંઘને આશ્વાસન રહે. વધુમાં એમણે અન્ય કોઈ પણ કાર્ય હોય તો પણ તેમાં સહભાગી થવા નમ્રતાપૂર્વક અભિલાષા વ્યક્ત કરી છે.

આ પુણ્યશાળી આત્મા સામે આપણાથી સહજ રીતે ઝુકી જવાય છે.

-હંસરાજ રાયચંદ સાયલા - હૈદ્રાબાદ

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,